'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૮ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ✻ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥


परम पूज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्य महाराजा



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# श्री नमस्कार महामंत्र




**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૮ ॥


પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

□ **PARAM BHADRANKAR SHRI NAVKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

□ **VOLUME - 8**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

---

□ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

□ **SPONSOR**


---

□ **ENHANCED & DESIGNED BY**


Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

□ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra



**શ્રી નમસ્કાર મહામંત્રના**
**અજપાજાપ એટલે...**
**અંતર વગરની અંતર્યાત્રા!**



પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનો આત્મા નવકારમય આત્મા હતો. તેમના દરેક ચિંતનો-પ્રવચનો-વિવેચનો-લેખનોમાં નવકાર જ ધબકતો. તેઓની રોજનીશીઓમાં જે વિશેષ ચિંતનાત્મક નવકારનાં ચિંતનો હતા, તે સર્વ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માંથી ચુંટીને અહીં પ્રકાશિત થયા છે. તે જોઈએ તો:

'ન મમ', 'ન અહં' એ મોહમંત્રને જીતનાર મહામંત્ર છે. મોહનો મંત્ર 'અહં' અને 'મમ' છે. તેને જીતનાર 'નાડહં' છે. 'ન મમ' મંત્રને જપવા 'નમો અરિહંતાણં' છે. 'મારાંપણા અને હુંપણા'ની કલ્પના મિથ્યા-અનાદિ અવિદ્યાજનિત છે. તેનો ત્યાગ કરવા માટે જ 'હુંપણા'ની કલ્પના આત્મામાં અને 'મારાપણા'ની કલ્પના આત્માના ગુણોમાં કરવા માટે મહામંત્ર નવકારનો જાપ છે. જેથી 'હું આત્મદ્રવ્ય સ્વરૂપ છું, પણ પરપુદ્ગલાદિ સ્વરૂપ નથી' અને 'પરદ્રવ્યના રૂપ-રસાદિ ગુણો મારાં નથી પણ જ્ઞાનાદિ ગુણો જ મારાં છે' એ ભાવ આપણામાં દ્રઢ થાય છે.

ગુરૂભક્તિના તરંગોમાં સતત વસનારા પરમ સુશ્રાવક **સી.કે.મહેતા** તથા આ પદાર્થોને અહીં ભાવપૂર્વક પ્રસ્તુત કરનારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતાને** યાદ કરીએ. તેમનો અવિરત શ્રમ અનેકોના આત્મા માટે પરમ વરદાનરૂપ બની રહેશે, તે વાત નિ:શંક છે. આવો, નવકારની આ નૌકામાં સાથે જ વિહરીએ.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમ:



શ્રી ગીરનારજી નેમીનાથાય નમ:



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમ:





### પંચ મંગલ મહાશ્રુતસ્કંધ એવા
### શ્રી નવકાર મહામંત્રમાં સ્થિત
### શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને સાદર વંદનાવલિ.

**નમો અરિહંતાણં ।**

૧૨ ગુણો કરીને યુક્ત, કેવળજ્ઞાન પામી ભવ્ય જીવોને બોધ દેતાં અને બોધ દેવાને વિચરતાં એવા, થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા અરિહંત ભગવાનને હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

**નમો સિદ્ધાણં ।**

૮ કર્મોનો ક્ષય કર્યો છે તથા ૮ ગુણોને પ્રાપ્ત કર્યા છે એવા, થઈ ગયેલાં - થતાં અને થવાનાં અનંતા સિદ્ધ ભગવંતોને હું અંતરાત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

**નમો આયરિયાણં ।**

૩૬ ગુણોએ કરીને યુક્ત, પંચાચાર પાળે - પળાવે એવા, થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા આચાર્ય ભગવંતોને હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

નમો ઉવજ્ઝાયાણં |

૨૫ ગુણોથી યુક્ત, સિદ્ધાંતને ભણે - ભણાવે એવા,
થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા ઉપાધ્યાય ભગવંતોને
હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

નમો લોએ સવ્વસાહૂણં |

અઢી દ્વિપને વિષે વિચરતાં એવા,
થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા સાધુ ભગવંતોને
હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

એસો પંચ નમુક્કારો |

એ પાંચે પરમેષ્ઠિ ભગવંતોને કરેલો મારો નમસ્કાર

સવ્વ પાવપ્પણાસણો |

જગતના સર્વ પાપનો નાશ કરનારો થાઓ.

મંગલાણં ચ સવ્વેસિં | પઢમં હવઇ મંગલં |

સર્વ મંગળોમાં આ મહામંત્ર ઉત્કૃષ્ટ મંગળ છે.
સમ્યગ્દર્શન = મૈત્રીભાવ, સમ્યગ્જ્ઞાન = પ્રમોદભાવ,
સમ્યક્ચારિત્ર = કરુણાભાવ, સમ્યક્તપ = માધ્યસ્થ.

## આચાર્ય ભગવંતો કેવા હોય છે?

આરણા સહિત સ્વાધ્યાય, વારણા સહિત નિષેધ અને
સાધન સહિત વ્રતોનું રક્ષણ કરનારી ક્રિયાઓમાં
નિરંતર ઉદ્યુક્ત એવા શ્રી આચાર્ય ભગવંતો હોય છે.
સંઘને સંગ્રહ એટલે દીક્ષા તથા નિગ્રહ એટલે શિક્ષા.

પંચ પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાન વડે
પૃથ્વી આદિ પાંચ તત્ત્વોની સિદ્ધિ કરવાની હોય છે.
પંચ તત્ત્વોની સિદ્ધિ રોગ - આપત્તિનું નિવારણ તથા
અંતે ત્રિકાળજ્ઞાન કરાવે છે.
ધ્યાનમાં શ્વેતવર્ણ એ જ્ઞાનપ્રાપ્તિ - મોક્ષપ્રાપ્તિ માટે છે,
સિદ્ધિ માટે અનાહત યત્નની ઉપાસના આવશ્યક છે.

## આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ

જેનું સ્વાધ્યાય શ્રેષ્ઠ, તે આચાર્ય અને ઉપાધ્યાય એટલે
उप + आधि + आय = ઉપાધ્યાય અને
સાધુ પોતે સદાચારી, પવિત્ર અને ગુણવાન હોય છે,
માટે મંગળમય, લોકોત્તમ અને શરણાભૂત છે.

## સાધુના ૨૭ ગુણ ચરિતે...

૬ વ્રત, ૬ કાય, ૫ ઈંદ્રિય, ૩ ગુપ્તિ તથા ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, પ્રતિલેખન, પરિષહ - ઉપસર્ગસહન.

નમસ્કારરૂપી નવમું પુણ્ય અઢાર પાપનું નાશક અને નવ પ્રકારના પુણ્યના સમૂહરૂપ નવપદનું ઉત્પાદક છે.

અરિહંતપદ એ સર્વોત્કૃષ્ટ દાન - પુણ્યનું પ્રતીક છે,
સિદ્ધપદ એ સર્વોત્કૃષ્ટ કર્મક્ષયરૂપી ધર્મનું પ્રતીક છે.

અરિહંતો ગુણ અને પુણ્યના પ્રકર્ષવાન છે, સિદ્ધો ગુણના પ્રકર્ષવાળા છે, આચાર્ય - ઉપાધ્યાય તથા સર્વ સાધુઓ વ્યવહાર - નિશ્ચય અને રત્નત્રયના પ્રકર્ષવાળા છે.

વળી સમ્યગ્ દર્શનગુણમાં સ્નેહનો પ્રકર્ષ છે,
સમ્યગ્ જ્ઞાનગુણમાં વૈરાગ્યનો પ્રકર્ષ છે,
સમ્યગ્ ચારિત્રગુણમાં સદ્ગુણોનો પ્રકર્ષ છે તથા
સમ્યગ્ તપગુણમાં સમતા અને સંતોષનો પ્રકર્ષ છે.

સદ્ભાવ, સદ્વિચાર, સદાચાર અને સંતોષ -
એ ચારેનો સંગ્રહ પાંચે પરમેષ્ઠીઓમાં છે.

નવકાર જાપના પ્રારંભમાં વિસ્મય કરી જોઈએ કે:

'અહો ! ભવચક્રમાં મને આ દુર્લભ નવકાર મંત્રનો

કેવો તો સુંદરતમ સંયોગ થયો ?'

## મંત્રજાપના છ હેતુ

પ્રસન્ન મન, પવિત્રતા, મૌન, મંત્રાર્થ ચિન્તન, ચિત્તની એકાગ્રતા અને આરોહ - એ જાપના હેતુ છે. મંત્રજાપ વડે પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સિદ્ધ થાય છે.

## નવકાર મહામંત્ર શેનું વિશિષ્ટ પ્રતીક છે?

નવકાર મહામંત્ર પ્રભુને સ્પષ્ટ રીતે અનુભવવાનું, તેને જોવાનું, તેની સાથે વાતચીત કરવાનું, તેમાં સમર્પિત થવાનું વિશિષ્ટ પ્રતીક છે. આ અનુભવ શરૂ થયાં પછી પ્રભુ વિશ્વાસ જાણે રસ પણ પડતો નથી, જીવન પ્રભુનિયંત્રિત - પ્રભુસંચાલિત થઈ જાય છે.

## મંત્રો ઘણાં છે અને

દરેક મંત્રનું પોતપોતાની રીતે સામર્થ્ય છે, એ દરેકમાં આ નવકાર મહામંત્ર સૌથી સમર્થ મંત્ર છે.

નવકારની શક્તિ અનંત અને અચિન્ત્ય છે.
પ્રથમ તે વૈખરીરૂપે દેહદોષ ટાળી બાહ્યાંતર સાત્ત્વિક
પરમાણુઓથી ભરી દે છે, પછી વિલોમ ગતિથી
મધ્યમામાં જઈને અનાહત નાદનો આરંભ થાય છે.
તે પછી તે પ્રભુદર્શનની આકાંક્ષા ભક્તના મનમાં વધે છે.
પશ્યંતીમાં તે દર્શન પ્રાપ્ત થાય છે.
નામસાધના નાદરૂપમાં પરિવર્તિત થાય કે રૂપાભિવ્યક્તિ
દ્વારા ભાવસાધનાનાં માર્ગે રસમાં પરિણમે છે.

પાંચને શરણે જવું સરલ...

પોતાના આત્માની જ પાંચ અવસ્થાઓને શરણે જવું.

અરિહંત = ઘાતીકર્મરહિત અવસ્થા.
સિદ્ધ = અષ્ટકર્મરહિત અવસ્થા.
આચાર્ય-ઉપાધ્યાય-સાધુ = સંવર-નિર્જરાયુક્ત અવસ્થા.
ધર્મ = ક્ષયોપશમ-ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્ર અવસ્થા.
નવકાર દ્વારા આ પાંચે અવસ્થાઓના શરણે જવાથી
બાહ્ય બધી ઇચ્છાઓ-વાસનાઓ શાંત થઈ જાય છે.

(૧) સાધુજન પ્રિય છે, કેમકે સર્વને સહાય કરનાર છે.
સાધુ = સહાયના ભંડાર, વાત્સલ્યવાન છતાં સહાયવંત.

(૨) ઉપાધ્યાય નમ્ર છે, કારણકે જ્ઞાની છે.
સાચું જ્ઞાન વિનયમાં - નમ્રતાગુણમાં છૂપાયેલું છે.
ઉપાધ્યાય = વિનયગુણભંડાર, બુદ્ધિમાન છતાં વિનયવાન.

(૩) આચાર્ય ઔદાર્યવાન છે, કેમકે સંપત્તિમાન છે.
સાચી સંપત્તિ ઔદાર્યગુણમાં રહેલી છે.
આચાર્ય = પરોપકારભંડાર, ગુણવાન છતાં ઔદાર્યવાન.

(૪) સિદ્ધ ક્ષમાવાન છે, કેમકે અનંત શક્તિમાન છે.
સાચું બળ - વીર્ય ક્ષમાગુણમાં રહેલું છે.
સિદ્ધ = અવિનાશી સુખભંડાર, બળવાન છતાં ક્ષમાવાન.

(૫) અરિહંત શીલવંત છે, કેમકે અનંત રૂપસંપન્ન છે.
સાચું રૂપ તથા સૌંદર્ય શીલગુણમાં રહેલું છે.
અરિહંત = પુણ્યના ભંડાર, રૂપવાન છતાં શીલવાન.

પંચ પરમેષ્ઠિમાં રૂપ, બળ, ગુણ, જ્ઞાન અને સેવા -
ઉત્કૃષ્ટ કોટિની છે, તેથી જ તેઓ સેવનીય છે.

નવકારના ૯ પદો એટલે...

(૧) અરિહંતપદ = સમવસરણની ધર્મદેશના.

(૨) સિદ્ધપદ = સિદ્ધશિલાનો અનંત આનંદ.

(૩) આચાર્યપદ = પંચાચારની સુવાસથી ભરેલું નંદનવન.

(૪) ઉપાધ્યાયપદ = બ્રહ્માંડના સૂક્ષ્મ વિજ્ઞાનની સિંધુમસ્તી.

(૫) સાધુપદ = પંચ મહાવ્રતના આંતરસામર્થ્યનો મહામેરૂ.

(૬) ચૂલિકાના પહેલાં બે પદ એટલે...

સર્વ પાપોનો એકાંતિક - આત્યંતિક ક્ષય.

(૭) ચૂલિકાના છેલ્લાં બે પદ એટલે...

ઉત્કૃષ્ટ મંગળના મહાપ્રપાતનું અવતરણ.

નમસ્કાર એ બીજાના ગુણ ગ્રહણ કરવાની અને પોતાનામાં રહેલાં દોષો દૂર કરવાની ક્રિયા છે.

નમસ્કારથી સદ્બુદ્ધિનો વિકાસ થાય છે અને સદ્બુદ્ધિનો વિકાસ થવાથી સદ્ગતિ હસ્તકમલવત્ બને છે.

નમસ્કારરૂપી વજ્ર અહંકારરૂપી પર્વતનો નાશ કરે છે.

નમસ્કાર માનવના મનોમયકોષને શુદ્ધ કરે છે.

આત્મતત્ત્વમાં લય થવા એકમાત્ર નમસ્કાર મહામંત્ર.
અનુપ્રેક્ષા દ્વારા તેના શબ્દાર્થ અને ભાવાર્થ શોધી શકાય, કિન્તુ નમસ્કાર મંત્રનો રહસ્યાર્થ તો ધ્યાન - લય અને સમાધિના ત્રિકોણમાં ખીલતી પ્રજ્ઞા વડે જ ખોલી શકાય.

## બ્રહ્મવિદ્યુતનો મહાગ્નિ - નવકાર

ધ્વનિઓના સંઘર્ષ દ્વારા બ્રહ્મવિદ્યુતનો જે પ્રવાહ જન્મે, તે જ એક મહામંત્રના રહસ્યાર્થોને ખોલી દેવા સમર્થ છે. તે દ્વારા ઉત્પન્ન થતાં ઋતંભરા પ્રજ્ઞા અને પ્રાતિભ જ્ઞાનથી તે શક્ય છે. મંત્રના જાપ દ્વારા ધ્વનિઓનો દારૂણ સંઘર્ષ થાય છે અને તેમાંથી જ બ્રહ્મવિદ્યુતનું રસઝરણું પ્રગટે છે, તે દ્વારા શાસ્ત્રોનાં ગહન રહસ્યો અનુભવની સપાટી ઉપર આપમેળે પ્રગટવા લાગે છે.

રૂપકશ્રેણીમાં પ્રગટતી બ્રહ્મવિદ્યુતની મહાગ્નિમાં સમગ્ર લોકના સર્વ જીવોના કાર્મિક અણુઓને ભસ્મીભૂત કરવાની તાકાત છે, તે કેવળ વિતંડાવાદથી ન જ સમજાય, તેના વિધિયુક્ત જાપ વડે જ ત્યાં સુધી પહોંચી શકાશે.

# શ્રી નમસ્કાર મહામંત્રની મહત્તા

ચિત્તપ્રસન્નતા પેદા કરવાનું
અમોઘ સાધન છે મહામંત્રાધિરાજનો જપ.
ચિત્તપ્રસન્નતા તે બાહ્ય રંગ નહિ, કિન્તુ
આંતર આનંદ છે, આત્મરમણતાની મસ્તી છે.
નવકારમાં ધ્વન્યાત્મક પ્રભુશુદ્ધિ છે
જાણે Sound vibration છે અને
mental purification - ચિત્તશુદ્ધિ છે.
અરિહંત - સિદ્ધ દેવ, આચાર્ય - ઉપાધ્યાય - સાધુ ગુરુ છે.
તેમાં વળી પરમ દેવ છે સિદ્ધ પરમાત્મા અને
પરમ ગુરુ છે અરિહંત પરમાત્મા.

પંચ મંગલરૂપ નમસ્કાર મંત્ર એ મહાક્રિયાયોગ છે, કેમકે તેમાં બંને પ્રકારનો તપ, પાંચે પ્રકારનો સ્વાધ્યાય અને સર્વોત્કૃષ્ટ તત્ત્વોનું પ્રણિધાન રહેલું છે. તપ કર્મરોગની ચિકિત્સારૂપ, સ્વાધ્યાય મહામોહવિષ ઉતારવા મંત્રરૂપ અને પ્રણિધાન ભવભયના નિવારણાર્થે શરણ બને છે.

# ગંભીર રહસ્યમય 'નમો' પદ

નમસ્કાર મંત્રના 'નમો'ના મર્મમાં ઉપગ્રહનું તત્ત્વ છે.
'નમો' એ અનુગ્રહસૂચક પદ છે.
'નમો' એ વિનયનું મૂળ તથા સમતા, સરળતા અને સમન્વયનું અપૂર્વ સાધન છે, પ્રેમ - સ્નેહનું કેન્દ્ર છે.
તે ક્રોધ - માનનાશક અને માયા - લોભને દૂર કરનાર છે.
'નમો' સત્કારનું અમૃત અને અનુગ્રહનો ભંડાર છે.
અનુગ્રહનો પ્રારંભ જ નમ્રતાના ભાવથી થાય છે. નમો ભાવમાંથી સમતાનો સાગર અને સ્નેહનું ઝરણું પ્રગટે છે,
તેથી નમસ્કાર મંત્રનું મંગળકારીપણું પામીને
જીવ સર્વ કર્મોનો ક્ષય કરનાર થાય છે.
સર્વ જીવને સર્વ કાળે - સર્વ રીતે 'નમો' પદ અને તેમાં રહેલ નમ્રતા, વિનય, ભક્તિ, બહુમાન, સમર્પણ જેવા ઉમદા ભાવો પરમ કલ્યાણ - મંગળ કરનારા છે.
'નમો' પદમાં જીવનો પૂર્ણ વિકાસ સંગ્રહાયેલો છે, તે ધર્મ, અર્થ, કામ, મોક્ષનું મૂળ - જિનશાસનનો સાર છે.

# અનુભૂતિનું મુખ્ય સાધન નમસ્કાર

માનવજીવનનું સાચું ધ્યેય અનુભૂતિ છે.
તેનું મુખ્ય સાધન નમસ્કાર જે વિવેકજ્ઞાનનું ફળ છે.
વિવેકજ્ઞાન એ સમાહિત ચિત્તનું પરિણામ છે.
પરમેષ્ઠિ સ્મરણથી ચિત્ત સમાધિવાળું બને છે.
આ નમસ્કારના જાપથી નમ્રતા તથા નિર્ભયતા અનુભવાય.
સાચી નમ્રતામાં શાંતિ છૂપાયેલી છે અને
સાચી નિર્ભયતામાં શક્તિ સંગ્રહાયેલી છે.

## સૌથી શ્રેષ્ઠ - આત્માનુસંધાન

શબ્દાનુસંધાન વડે નાદાનુસંધાન અને
અર્થાનુસંધાન વડે આત્માનુસંધાન થાય છે.
મંત્રયોગનું ફળ વર્ણવિચ્યુતિ - અનાહત - અલક્ષ્ય છે.
મંત્રનો અભિધેય અર્થ આત્મા છે, તેની સાથે
અનુસંધાન થવાથી સ્વરૂપાનુસંધાન સમાધિ પ્રાપ્ત થાય છે.
સર્વ અર્થોમાં શિરોમણિભૂત અર્થ આત્મા છે,
તેથી અર્થયોગ વડે સાચું આત્માનુસંધાન થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર દ્વારા પ્રભુનું જેવું નામસ્મરણ થાય છે, તેવું અન્ય મંત્રોમાં થતું નથી. બહુધા આ લોકાલોકમાં વિશ્વની સર્વશ્રેષ્ઠ વસ્તુઓનો સંગ્રહ પ્રભુના નામ અને રૂપમાં સમાઈ જ જાય છે. વિશ્વની સર્વશ્રેષ્ઠ સમૃદ્ધિનું દર્શન પ્રભુમૂર્તિમાં અને મનન પ્રભુનામમાં છે. નામના સ્મરણથી પાપનો નાશ, રૂપથી પુણ્યનો પ્રકાશ તથા પ્રભુનું દ્રવ્ય આત્મબોધ અને આત્મધ્યાનનું પરમ કારણરૂપ હોવાથી ભવ્યોને પ્રભુના નામ, આકૃતિ, દ્રવ્ય, ભાવ ઉપાસવા લાયક છે. પ્રભુની આ સર્વ નિક્ષેપો દ્વારા થતી ભક્તિ વડે સર્વ સંપદાના મૂળ કારણભૂત જિનાનુરાગ ઉત્પન્ન થાય છે.

Elimination of evil and sublimation of good is Navkar. Navkar should be the key of the day and the lock of the night.

# નવકાર મંત્ર

એ શબ્દાત્મક હોવા છતાં તેનું સામર્થ્ય વિલક્ષણ - અદ્ભુત છે. તે વસ્તુશૂન્ય નથી. નવકાર મંત્ર તોપના ગોળા કરતાં યે બળવાન છે. આ મંત્ર જીવનને સુયોગ્ય વળાંક આપે છે. મંત્રના પ્રભાવથી અને તેના પ્રેરણાદિ માહાત્મ્યની સાથે તદનુરૂપ જીવન સ્વેચ્છાએ, આપમેળે ઘડાય છે. નવકારના જાપ સાધકના ચિત્તને સમાધિવાળું કરે છે. સમાધિવાળા ચિત્તમાં વિવેક સ્ફૂરે છે અને વિવેકી ચિત્તમાં અર્હદ્ભક્તિની ભાવના પ્રગટે છે. અર્હદ્ભક્તિની ભાવનામાંથી પ્રગટેલી નમસ્કૃતિ અવશ્ય અર્હદ્ભક્તિ કે સાચા અર્થમાં કર્મમુક્તિને અપાવે છે. નમસ્કાર મંત્ર વડે પંચમંગલ મહાશ્રુતસ્કંધરૂપ શ્રુતજ્ઞાનનું આરાધન થાય છે. તેમાં થતી પંચ પરમેષ્ઠિની સ્તુતિ વડે સમ્યગ્દર્શન ગુણનું આરાધન થાય છે અને ત્રિકરણ યોગે થતી નમનક્રિયા દ્વારા આંશિક ચારિત્રગુણનું આરાધન થાય છે.

નવકારની સાધનાનો મુખ્ય ઉદ્દેશ આત્મજ્ઞાન છે.
આત્મજ્ઞાનનું ફળ = દિવ્યત્વ, સર્વજ્ઞત્વ, સર્વશક્તિમત્વ.
બધી શુદ્ધ સાધના મુક્તિપરક, આત્મપરક, બ્રહ્મપરક છે.
પ્રત્યેક સાધનાનું ધ્યેય ઉચ્ચ તથા સ્વર્ગાદિ છે.
સાધનાનું મૂળ તત્ત્વ તપ, જપ, તથા ઈશ્વરપ્રણિધાન છે.
એનાથી સાધકની શક્તિ અને જ્ઞાન વધે છે.
સ્વાધ્યાય તથા જપથી જ્ઞાન વધે, તપથી શક્તિ વધે.
તપ - જપ તથા ઈશ્વરના પ્રણિધાનથી સાધનાની મૂળ
નીતિ અભીપ્સા - શુભેચ્છા - આકાંક્ષા જાગૃત થાય છે.
કોઈપણ સાધન ફળપ્રદ બની ન શકે, કિન્તુ
વિશ્વાસથી જ સર્વ મંત્ર ફળ આપે છે.
સિદ્ધ પુરુષથી નવકાર મંત્ર ગ્રહણ કરાય, તો કહેવાય
છે કે પુરશ્ચરણની ય જરૂર નથી. મંત્રની સાથે જ
ગુરુની શક્તિ શિષ્યના શરીરમાં પ્રવેશ કરી જાય છે.
સિદ્ધગુરુ ન મળે, ત્યારે મંત્રોને તન્ત્રોક્ત
વિધાન દ્વારા શોધન કરી પુરશ્ચરણ કરવું પડે છે.

કુલ ૩।। ક્રોડ મંત્રોની રચના છે.

સિદ્ધ ગુરૂ વિના એ મંત્રો ફળતાં નથી,
માટે આ મનુષ્યજન્મમાં ગુરૂને અવશ્ય શોધવા જોઈએ.
એમની પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી સર્વ વિઘ્નો દૂર થઈ જાય છે. શરીર રોગી હોય, તો પહેલાં તેને રોગના મંત્રજાપ દ્વારા શુદ્ધ કરવું પડે છે. ગાયત્રી આદિનું પુરશ્ચરણ કર્યા વિના જેઓ મંત્રસાધના કરવા જાય, તેમના શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થઈને વિઘ્ન કરી શકે છે, તેથી સુસાધના થઈ શકતી નથી, તેથી વ્યાધિનાશ માટે ય પ્રણવાદિનો જપ કરવો જોઈએ.

પંચ પરમેષ્ઠિ શું શું જિતાવનાર છે?

(1) અરિહંત = મદ અને મોહ જિતાવનાર.
(2) સિદ્ધ = ઇન્દ્રિય અને લોભ જિતાવનાર.
(3) સૂરિ = અનાચાર અને માયા જિતાવનાર.
(4) ઉપાધ્યાય = અજ્ઞાન - અહંકાર - માન જિતાવનાર.
(5) સાધુ = અનાથતા - ક્રોધ - તિરસ્કાર જિતાવનાર છે.

## સ્વાધ્યાય એટલે...

સ્વઆત્માને જાણવો, દેખવો, સમજવો અને તેવા ગ્રન્થો ભણવા કે જે વડે આત્મલાભ પ્રાપ્ત થાય.

શ્રી નમસ્કાર મહામંત્રના સ્વાધ્યાય દ્વારા પોતાની અંદર જોવું કે કેટલાં દોષ - કેટલાં ગુણ છે? ગુણને વધારવા - દોષોને ઘટાડવા, દૂર કરવા પ્રયત્નવું. સૂક્ષ્મ શરીરનો અભ્યાસ કરવો, તે પણ સ્વાધ્યાય છે.

નવકાર જેમ સાંસારિક સુખની વાસના અને તૃષ્ણાનો ત્યાગ કરાવે છે, તેમ મોક્ષસુખની અભિલાષા અને તેને માટે જ સર્વ પ્રકારનો પ્રયત્ન કરતાં શીખવે છે.

## તત્ત્વત્રયમાં સ્થિત શક્તિ

(૧) દેવ = ઇચ્છારહિત, વીતરાગતા.

ઇચ્છારહિતમાં ઇચ્છા પૂરવાની શક્તિ છે.

(૨) ગુરુ = મૂર્છારહિત, નિર્ગ્રન્થતા.

મૂર્છારહિતમાં મૂર્છા ઉતારવાની શક્તિ છે.

(3) ધર્મ = હિંસારહિત, દયામયતા.

'નમો નમઃ ।' અર્થાત્ નમસ્કારને નમસ્કાર.
નમસ્કાર એ મંગળ છે - મંગળ એ નમસ્કાર છે.
'મંગળને નમો' એનાથી અર્થ નીકળે કે 'નમોને નમો'.
નમો લોએ મંગલં = લોકના સર્વ મંગળને નમસ્કાર.

'મંગળ' એટલે...

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ અથવા
અહિંસા, સંયમ, તપ અથવા
દાન, શીલ, તપ અને ભાવ અથવા
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવ અથવા
શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યભાવ.

'નમો મંગલં' એટલે...

ઉપરના સર્વ અને મંગળમાત્રને નમસ્કાર થાઓ.
ત્રિકાળવર્તિ-ત્રિલોકવર્તિ મંગળ પદાર્થ, ચૈતન્યના પ્રશસ્ત
આવિર્ભાવો વંદનીય છે - પ્રશંસનીય છે - અનુમોદનીય છે.
કર્મનો - ધર્મનો - નીતિનો - વસ્તુસ્વભાવનો નિયમ,
એ બધું જ મંગળરૂપ છે, તેથી નમસ્કરણીય છે.

નમસ્કાર પ્રભુ મંગળમય છે, તેથી તેને પ્રભુ નમસ્કાર.

નમસ્કાર જેમના હૃદયમાં વર્તે છે, તે સર્વને નમસ્કાર.

સ્વભૂલનો પશ્ચાત્તાપ, પરગુણની અનુમોદના, ભૂલરહિત અને ગુણસહિત પરમેષ્ઠિશરણાગતિ એ મંગળરૂપ છે,

તેથી વંદનીય છે, શ્લાઘનીય, પ્રશંસનીય છે.

અરિહંતો તીર્થને નમે છે, સિદ્ધો સ્વરૂપને નમે છે,

આચાર્યો અરિહંતોને તથા સિદ્ધોને નમે છે,

ઉપાધ્યાયો અરિહંતો - સિદ્ધો તથા આચાર્યોને નમે છે,

સાધુઓ અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાયોને નમે છે

અને સમ્યગ્દૃષ્ટિ જીવો એ પાંચે પરમેષ્ઠિને નમે છે.

પ્રકૃતિ સમ્યગ્ દૃષ્ટિઓને પ્રભુ નમે છે.

## નમસ્કાર અને મંગળનો સંબંધ

'નમો મંગલં ।' અર્થાત્ મંગલને નમસ્કાર થાઓ.

વિશ્વમાં રહેલા સર્વ મંગલભૂત વસ્તુઓને નમસ્કાર.

મંગળને નમવાથી આત્માનું મંગળરૂપ પરિણમન થાય છે.

મંગળરૂપ આત્મા પોતે વિઘ્નનાશક - ઇષ્ટપ્રાપક બને છે.

નમસ્કાર રૂપી મંગળને નમવું સરલ...

સત્પુરુષોને, સદ્વસ્તુઓને, સદ્ગુણીને નમવું,

તેના ઉપર પ્રીતિ કરવી, ગુણરાગ કેળવવો.

મંગળ અને ધર્મ તથા ધર્મ અને ધર્મી અભિન્નાર્થક છે.
કર્મક્ષયકારી ધર્મને નમસ્કાર અથવા ધર્મનું પરિપાલન
કરનાર દેવ - ગુરુ - સંઘ અને સાધર્મિકને નમસ્કાર.

આત્મામાં રહેલ મંગળ અંશને નમસ્કાર.

આત્માના અક્ષરના અનંતમાં ઉઘાડા ભાગને નમસ્કાર.

મંગળ = ચૈતન્ય, ચૈતન્ય = મંગળ, તેને નમસ્કાર.
તેના ઉપર પ્રેમ, તેના ઉપર ભક્તિ અને બહુમાન.

સર્વ મંગળભૂત વસ્તુમાં શ્રેષ્ઠ મંગળ નમસ્કારભાવ છે.

નમસ્કારનો ભાવ મંગળ છે, મંગળભાવ નમસ્કરણીય છે.
એ રીતે ગત-પ્રત્યાગત ભાવથી નમસ્કાર એ મંગળ છે

અથવા મંગળ એ નમસ્કારસ્વરૂપ છે.

મંગળને નમસ્કાર પાયો નથી,

નમસ્કારને મંગળરૂપ માનો - એ જ અર્થ નીકળે છે.

નમસ્કાર સ્પર્શ વિના મોક્ષપ્રાપ્તિ અશક્ય છે.

ધર્મ રૂપી મંગળને નમસ્કાર અને
સર્વ ધર્મને નમસ્કારરૂપી નમણેનો મંગળ તરીકેનો સ્વીકાર,
આમ ઉભય પદની મંગમયતા છે.

આત્માનો સ્વભાવ જ એવો છે કે એનું લક્ષ કરવા પ્રયત્ન કરો, ત્યારથી જ આનંદની શરૂઆત થાય છે.

માનવજન્મની પ્રાપ્તિ માટે નમ્રતા - સરળતાગુણ જોઈએ,
એ પછી જ મનુષ્ય ગતિનું આયુષ્ય બંધાય,
મોક્ષ મેળવવા પણ તેમ જ છે.

ધર્મ - અર્થ - કામ પણ નમ્રતાવાળાને જ સિદ્ધ થાય છે,
તેથી સાબિત થાય કે નવકાર મંત્ર સૌ મંત્રોમાં વડો છે.

## નવકારવાળીનું માહાત્મ્ય

માળા વડે એક કરોડ જાપ થાય, તો માળામાં દિવ્યતા આ ચેતના આવે છે. મંત્ર, મૂર્તિ, માળા બદલવા નહિ. પ્રત્યેક મંત્રમાં દિવ્ય શક્તિ રહેલી છે, તેથી જે મંત્ર પ્રાપ્ત થયો હોય, તેમાં દૃઢ નિષ્ઠા રાખી જાપ કરવો.

## નવકારનો ઉત્તમોત્તમ જપ કોને કહેવાય ?

કુંડલિનીના ૩।। આંટા છે.

મૂળબંધ અને ઉડ્ડીયાણ બંધ કરવાથી
કુંડલિનીનું જાગરણ થાય છે, તે સ્વયં ઉચ્ચારણશીલ છે.
બ્રહ્મરન્ધ્રમાં તે જ્યોતીરૂપતાને ધારણ કરે છે. જપ તે
વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

'પરમ તત્ત્વ પોતાનો જ સ્વભાવ છે,'
એવું જે પુનઃ પુનઃ પરામર્શન, તે ઉત્તમોત્તમ જપ છે.
પુનઃ પુનઃ પરામર્શનના સદ્ભાવથી નાદના જે સતત
આંદોલનો જન્મે, તે તાત્ત્વિક જપ છે. પ્રયત્નપૂર્વકના
ઉચ્ચાર રૂપ સકળ જાપથી નિષ્કલ ઉચ્ચાર આવે છે.
જપ જ્યારે પ્રાણ સમ થાય, ત્યારે એકાગ્રતા વધે છે.

જિન પ્રવચનનો સાર નિર્મળ ધ્યાનયોગ છે.
અનાહત નાદ નવકાર જાપ દ્વારા દશમે દ્વારે પહોંચે,
ત્યારે ભેદશાની તેને 'તન્મય ભાવ' કહે છે.
દશમ દ્વાર, જે દુંદુભિ સ્વર, તે મોક્ષદાયક છે.

જ્ઞાનયોગીના રાગાદિથી ભિન્ન છે.

જેમ કમળ કાદવ વચ્ચે પણ નિર્લિપ્ત છે,
સુવર્ણ કાટ વિનાનું છે, જીવ જેમ ચીકાશવાળો નથી,
અથવા તો નવકાર મંત્રના વર્ણો જેમ વિષાપહાર કરે છે,
તેમ રાગાદિથી ભિન્ન જ્ઞાનયોગીના કર્મફળના આસ્વાદનું
વિષ હરી લે છે અને જીવ, સુવર્ણ કે કમળની જેમ
રાગાદિના લેપ વિનાનો રહે છે, એવું ભેદાભેદ અથવા
એકત્વ - પૃથક્ત્વ વિચાર સંવર - નિર્જરારૂપ ઔપચારિક
વીતરાગતા અને સર્વજ્ઞતાનું કારણ છે.

શ્રી નમસ્કાર મંત્ર વડે તે કારણનું વમન થાય છે,
કેમકે તેમાં કેવળ 'જ્ઞાન'યોગીને નમસ્કાર છે,
જ્ઞાન - યોગીનું બહુમાન છે તથા
જ્ઞાન - યોગીની ઉપાદેયતાનું પુનઃ પુનઃ ભાવન છે.

નમસ્કાર એ સમ્યગ્દૃષ્ટિ જીવોનો પ્રાણ છે.

શ્રી નમસ્કાર મંત્ર વડે જ્ઞાનશક્તિ અને
વૈરાગ્યશક્તિ દૃઢ અને સ્થિર થાય છે.

જ્ઞાન એટલે શુદ્ધ ચિદ્રૂપ સ્વરૂપનો અનુભવ અને
વૈરાગ્ય એટલે પરદ્રવ્ય-પરભાવોથી ભિન્નતાની અનુભૂતિ.
આ અનુભૂતિનો ઝુકાવ શુદ્ધ સ્વરૂપ તરફ હોવાથી
દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ તરફ ઉદાસીન ભાવ
સેવાય છે તથા તેથી અશુદ્ધ પરિણતિ પ્રતિદિન ઘટતી
અને શુદ્ધતા વધતી જાય છે. તે જ નિર્જરા તત્ત્વ છે.

જ્ઞાન - વૈરાગ્યસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જીવ
વીતરાગ અને સર્વજ્ઞનો જ ઉપાસક હોય છે.

શ્રી નવકાર મંત્રમાં વીતરાગ સર્વજ્ઞ તત્ત્વની ઉપાસના છે.

નિર્ગ્રંથતા એ વીતરાગતાનું કારણ છે અને જ્ઞાન -
ચેતનાની સાર્થ અસ્તિત્વ એ સર્વજ્ઞતાનું કારણ છે.
'ગ્રંથ' રાગનું નામ છે. તેનાથી પોતાના સ્વરૂપનો ભેદ
જાણીને તે મુજબ જીવન જીવે છે, તેઓ નિર્ગ્રંથ છે.
જાણવા છતાં તેવું ચોવીશે ય કલાક જીવી શકતાં નથી,
તેઓ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે અને થોડું થોડું જીવે છે,
તેઓ દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે.

## નમસ્કાર મહામંત્ર દ્વારા સમાપત્તિ

(૫) જેમ ભયમાં શરણ, રોગમાં ચિકિત્સા અને
વિષમાં મંત્ર ઉપાય છે, તેમ
ભવભયથી ત્રસ્ત, કર્મરોગથી પીડિત અને
મોહવિષથી મૂર્છિત જીવને નમસ્કાર મહામંત્ર એ
શરણ - ચિકિત્સા - મંત્રનું કાર્ય એકી સાથે કરે છે.
અરિહંતાદિ પરમેષ્ઠિઓ ભવભયથી મુક્ત છે,
કર્મવ્યાધિથી રહિત અને મોહવિષથી મુક્ત થએલાં છે,
તેથી ભવથી, ભવના કારણરૂપ કર્મથી અને
સર્વ કર્મના મૂળ એવા મોહથી મુક્ત થવા માટે
અરિહંતાદિ પાંચને શરણે જવું જોઈએ.
નમસ્કાર મહામંત્ર દ્વારા તે શરણ પમાય છે.
નમસ્કાર શરણાગતિરૂપ પણ છે, ધ્યાનનમરૂપ પણ છે
અને સ્વાધ્યાય રૂપી મંત્રસ્વરૂપ પણ છે.
નમસ્કારનો સ્વાધ્યાય મોહવિષને હણે છે, નમસ્કારનું
ધ્યાન કર્મરોગની ચિકિત્સા કરે છે, નમસ્કાર રૂપી

અક્ષરોચ્ચાર વડે અનુચ્ચાર્યમાં જઈ અનક્ષરરૂપ થવું, શબ્દ વડે શબ્દનું ઉલ્લંઘન કરી નિઃશબ્દ થઈ સ્વસ્વરૂપને પામવું, શબ્દક્રિયા વડે નિષ્ક્રિય અવસ્થામાં સ્થિર થવું.

ૐકાર = સિદ્ધનું પ્રતીક.

ૐના મનન વડે આત્મા પરમાત્મસ્વરૂપ બની જાય છે. પરમાત્મસ્વરૂપનું પ્રતીક ૐ છે, તેથી નમોનું ધ્યાન ૐમાં રૂપાંતર પામે, ત્યારે તે મંત્ર સિદ્ધ થયો ગણાય છે.

'ૐ અર્હં નમઃ ।' સંપૂર્ણ મંત્રમાં

સાધ્ય, સાધન અને સાધક - એ ત્રણેનો સમુચ્ચય છે.

'નમો' એ ત્રણે જગતનો આધાર છે.

તે વ્યવહાર - નિશ્ચયનું સર્વોપરી સાધન છે, પુણ્યનો ખજાનો છે, ગુણનું નિધાન છે, આરાધનાનો અર્ક છે.

બધા જ શુભ ધ્યાનોનો રસાસ્વાદ એક સાથે માણવાનો અવસર નવકારજાપ દ્વારા મેળવી શકાય છે. પછી તે પિંડસ્થાદિ કે આજ્ઞાવિચયાદિ ધર્મસ્વરૂપ હો, કે પૃથક્ત્વ એકત્વ વિતર્કાદિ શુક્લરૂપ હો.

વિનય - બહુમાનનો પરિણામ ભવભયથી ત્રાણ - શરણ - રક્ષણ કરે છે. વિનય ઉપરાંત બહુમાનથી નિર્મળતા, સ્વાધ્યાયથી સ્થિરતા, ધ્યાનથી તન્મયતા પ્રાપ્ત થાય છે.

(b) 'નમો' દ્વારા નિર્મળતા, 'અરિહં' દ્વારા સ્થિરતા અને 'તાણં' દ્વારા તન્મયતા સિદ્ધ થાય છે.

(c) <u>કર્મયોગ</u> = વૈખરી વડે નમોનું ઉચ્ચારણ થાય તે.
તે ચિત્તની નિર્મળતા કરે છે.

<u>ભક્તિયોગ</u> = મધ્યમા વડે નમોનું ઉચ્ચારણ થાય તે.
તે ચિત્તની સ્થિરતા કરે છે.

<u>રાજયોગ</u> = પશ્યંતી વડે નમોનું ઉચ્ચારણ થાય તે.
તે ચિત્તની તન્મયતા કરે છે.

<u>એ રીતે નમસ્કારના કોઈ એક પદની ભક્તિમાં પણ નિર્મળતા - સ્થિરતા - તન્મયતા કરવાનું સામર્થ્ય છે.</u>

નમસ્કારથી ભવનો વૈરાગ્ય જાગે છે.

તે લોભકષાયને ટાળી નાખે છે અને નમસ્કારથી જે ભગવદ્ બહુમાન જાગે છે, તે મિથ્યાત્વશલ્યને દૂર કરી આપે છે.

## સાચો ચમત્કાર શ્રદ્ધાનો

શ્રી નમસ્કાર મહામંત્ર સાધવા તો પછી
ગમે તે મંત્રનું રટણ કરી, ગમે તે મંત્રનો જાપ કરી,
તેમાં હૃદયની ઊંડી શ્રદ્ધાનું સિંચન થવાથી જ મંત્ર ફળે છે.
સાચો ચમત્કાર શ્રદ્ધાનો છે, હૃદયની ઊંડી શ્રદ્ધા જ ફળે.
શ્રી નમસ્કાર મહામંત્રના જાપથી ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય.

૯ પુણ્ય વડે નવપદની પ્રાપ્તિ તથા ૧૮ પાપોનો ક્ષય

| | | |
|---|---|---|
| (૧) અન્ન | અરિહંત | હિંસા - મૃષાનો ક્ષય. |
| (૨) જળ | સિદ્ધ | અદત્ત - અબ્રહ્મનો ક્ષય. |
| (૩) વસ્ત્ર | આચાર્ય | પરિગ્રહ - ક્રોધનો ક્ષય. |
| (૪) આસન | ઉપાધ્યાય | માન - માયાનો ક્ષય. |
| (૫) શયન | સાધુ | લોભ - રાગનો ક્ષય. |
| (૬) મન | દર્શન | દ્વેષ - કલહનો ક્ષય. |
| (૭) વચન | જ્ઞાન | અભ્યાખ્યાન - પૈશુન્યનો ક્ષય. |
| (૮) કાયા | ચારિત્ર | અરતિ - પરપરિવાદનો ક્ષય. |
| (૯) નમસ્કાર | તપ | માયામૃષા - મિથ્યાત્વશલ્યક્ષય. |

નવકારના સ્મરણ વડે ચૂલિકાના ચાર પદોમાં અનુક્રમે
દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપપદ અને તે વડે
ક્રોધ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ - અરતિ,
પરપરિવાદ, માયા - મૃષાવાદ અને મિથ્યાત્વશલ્યરૂપી
આઠ પાપોનો ક્ષય થાય છે અને નવકારના પ્રથમ પાંચ
પદોમાં પંચપરમેષ્ઠિઓના સ્મરણ - ધ્યાનથી અનુક્રમે
હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા
તથા લોભ અને રાગ - પાપસ્થાનનો ક્ષય થાય છે,
તેમાં હેતુ અભય - અદ્વેષ - અખેદ છે.

શ્રી નમસ્કાર મહામંત્રના ધ્યાન પૂર્વે
અભ્યંતર પરિકરરૂપ કલા - બિંદુ વિગેરેથી સહિતનો
'અર્હં' મંત્ર તે દીપક છે.

'નપ્તકલા' શબ્દ એ મંત્રની દીપકતાનો સૂચક છે.
અર્થમાત્ર નિભાસતો તે ધ્યેયાવેશ છે.
સુસૂક્ષ્મનું અનુસંધાન એ નાદાનુસંધાન છે.
એ ધ્યાનનું પ્રથમ પગથિયું છે.

## મંત્રજાપ કરતાં પૂર્વે ભાવના ભાવવી કે:

'માતાની ગોદમાં બાળકની જેમ હું પ્રભુની ગોદમાં બેઠો છું.
મને તેમનું અસીમ વાત્સલ્ય પ્રાપ્ત થયું છે.
હું પૂર્ણ નિરાપદ છું, મારા અંદર સુખોની વર્ષા થાય છે.
હું આનંદથી ગદ્‌ગદિત થયો છું,
તેમના પ્રકાશથી રોમરોમ પુલકિત બન્યાં છે તથા
સૃષ્ટિના અનંત સૌંદર્યથી હું મુગ્ધ બન્યો છું.
ઉદય પામતો રમણીય સૂર્ય, રંગબેરંગી ફૂલો,
કલકલ નાદ કરતી નદીઓ, ઊંચા પર્વતો, હિમાચ્છાદિત
શિખરો, ઝંકાર કરતાં ઝરણાં, ગાઢ જંગલો, ઉમટતાં
વાદળો, અનંત લહેરાતો સાગર, એની હું અનુભૂતિ કરું છું.
મારા જીવનનો દોર મેં પ્રભુના હાથમાં સોંપી દીધો છે.'
શ્રદ્ધા અને વિશ્વાસ નહીં કલ્પેલાં ચમત્કારો દેખાડે છે.
મંત્રના શબ્દો નહિ પરંતુ તેના શબ્દોમાં ઊંડી શ્રદ્ધા જ
સર્વ દુઃખો દૂર કરી શકે, સર્વ સુખો મેળવી આપે છે.
શબ્દશક્તિ - શ્રદ્ધાશક્તિ બંને મળીને કાર્યસિદ્ધિ કરે છે.

ચિન્તન કરો કે : મારા દેવ - ગુરુ - ધર્મ કેવા છે?

अरिहंतो मह देवो जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपण्णत्तं तत्तं इअ सम्मत्तं मए गहिअं ॥

(૧) મારા દેવ એ અરિહંત પરમાત્મા છે.
તેઓ મોહ, માયા, મમતાના સર્વથા ત્યાગી છે.
તેમનું વચન મને સંપૂર્ણ માન્ય છે.
જેમના વચનમાં એક અંશ પણ સંદેહ મને નથી,
તેમની આજ્ઞા સુખકારી, મંગળકારી, કલ્યાણકારી,
હિતકારી તથા આ ભવ - પરભવ - ભવોભવ અને
અંતે શાશ્વત સુખ દેનારી છે, તેને જ હું માનીશ.

(૨) મારા ગુરુ કેવા છે? તેઓ અરિહંતે કહેલાં
વચન ઉપર વિશ્વાસ ધરાવનાર, જેમના વચન મુજબ
પ્રરૂપણાને કરનારા, કંચન તથા કામિનીના ત્યાગી અને
પંચ મહાવ્રતધારી છે, તેમને જ હું જીવનભર માનીશ.

(૩) મારો ધર્મ કેવો છે? અરિહંતના વચન મુજબ દયામય,
વિશ્વવ્યાપી વસ્તુસ્વભાવ રૂપ ધર્મ અહિંસ

આત્માના જ્ઞાન - દર્શનાદિ ષટ્કારકમય આપ સ્વભાવમાં વર્તવું, તે ધર્મ અને વ્યવહારથી પ્રભુઆજ્ઞા એ ધર્મ, ઉપયોગે ધર્મ, જયણા એ ધર્મ, જે જે અંશે નિરુપાધિકપણું - તે તે અંશે ધર્મ.

દુર્ગતિમાં પડી રહેલાં જીવને હસ્તાવલંબન આપી, તે દશવિધ યતિધર્મ તથા દ્વાદશવિધ ગૃહસ્થ ધર્મ.

અરિહંતાદિ ચાર મંગળ, ઉત્તમ અને શરણભૂત છે.

મારો આત્મા સંસારમાં રહે, ત્યાં સુધી મને ચારનું શરણ છે. મારા આત્માએ આ ભવ તથા ભવોભવ, જાણતાં - અજાણતાં અને જિનાજ્ઞાથી વિરુદ્ધ મનથી ચિન્તન, વચનથી ભાષણ અને કાયાથી પ્રવૃત્તિ કરી, તે અશુભ કાર્યોને નિંદું છું, ૩ વાર મિચ્છામિ દુક્કડં દઉં છું.

મારા જીવે આ ભવમાં આજ સુધી, ગત ભવમાં અને ભવોભવને વિષે જે કોઈ વીતરાગની આજ્ઞા સહિત મનથી ચિંતવન, વચનથી ભાષણ અને કાયાથી પ્રવૃત્તિ કરી હોય, તેવા સર્વે કાર્યોની વારંવાર અનુમોદના કરું છું.

૮૪ લાખ જીવાયોનિ વિષે મારા જીવે
આ ભવમાં અને ગત ભવોમાં જે કોઈ પીડા દીધા,
તે સર્વ જીવોની હું ક્ષમા માંગું છું.
અઢાર પાપ આ ભવમાં કે ગત ભવોમાં મારે જીવે
સેવ્યાં હોય, તે સર્વ પાપોનું મિચ્છામિ દુક્કડં દઉં છું.

'અરિહંત' શબ્દજાપ વડે શેનું ધ્યાન થાય?

સર્વ શબ્દોમાં શ્રેષ્ઠ શબ્દ
પ્રભુનું નામ છે - 'અરિહંત' શબ્દ છે,
તે શબ્દ વડે પ્રભુના ચારે અતિશયોનું ધ્યાન થાય છે.
अरि + हंत = અપાયાપગમાતિશય,
अरिहं + त = પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાનાતિશય.
સ્થૂલ જાપથી ચંચલતા વગર મન આનંદથી ભરાઈ ગયેલું કે
મનમાં ઉત્તમ વિચારધારાનો પ્રવાહ વહેતો જણાય છે.
મધ્યમામાં લાગટ પાંચ ઘડી સૂક્ષ્મ ચલાવવામાં આવતાં
સૂક્ષ્મ જપ દ્વારા જાપ કરનારના ગળામાં એક જાતનો
કોમળ અને આનંદ આપનારો સ્પર્શ અનુભવાય છે.

અંતર્મુખ થયેલું મન પ્રકાશ તથા આનંદાનુભવ કરે છે.

સ્થૂળ શરીર હલકું થયેલું અને તેની આસપાસના પ્રકાશ અને આનંદમાં જાણે ઓગળવા લાગતું હોય, જાણે કે તેમાં ભળી જતું હોય, એમ તેને જણાય છે અથવા પોતાના મનુષ્યભવનું તથા પોતાના મનની સંસારની તૃષ્ણાઓનું શમન થયું તેને અનુભવાય છે.

વૈખરી આદિ વાણીના ચાર પ્રકાર છે, તેના સ્થાન શરીરમાં અનુક્રમે જીહ્વા, કંઠ, હૃદય, નાભિ છે.

સૂક્ષ્મતરજપ = હૃત્પદ્મમાં પશ્યંતી વાણી વડે સ્ફૂરતો જપ.

ત્રીજું અનુષ્ઠાન પાંચ ઘડી સુધી ચાલવાથી જપ કરનારના મનમાં આનંદ તથા પ્રકાશનું વધારે ભાન થવા લાગે છે, બહારના સ્થૂળ વિષયોનું તુચ્છપણું વધારે સ્પષ્ટ જણાવા લાગે છે, ચાલતાં જપમાંથી તેના મનને વિરામ પામવાની ઇચ્છા થતી નથી, શરીર અને જગતનું કોઈ કોઈવાર કેટલાક સમય સુધી વિસ્મરણ થઈ ગયેલું જણાય છે, ઇંદ્રિય-ગ્રાહ્ય અને મનના બાહ્ય ભોગો દૂર

થઈ તે રસના પ્રવાહે હૃદય સુધી પાછાં વળેલાં જણાવા લાગે છે અને બ્રહ્મરંધ્રથી ટપકવા લાગેલા નિરૂપમ અમૃતપાનથી ક્ષુધાતૃષાની પીડા પૂર્વ પેઠે અનુભવાતી નથી.

## સૂક્ષ્મતમ જપ

નવકાર મંત્રના લક્ષ્યાર્થ - ચૈતન્યરૂપ પરમાત્માને વિષે પરાવાણી અંતઃકરણ સાથે નાભિમાં અથવા બ્રહ્મરંધ્રમાં વિરામ પામવા પ્રયત્ન કરે, તે સૂક્ષ્મતમ જપ કહેવાય છે. આ જપના અનુષ્ઠાનથી પ્રાણ અને અપાન એકઠાં થઈ મન સાથે સુષુમ્ણામાં પ્રવેશ કરી, આધારાદિ ચક્રોનો ભેદ કરી બ્રહ્મરંધ્રમાં જાય છે અને ત્યાં જપના અભ્યાસના પ્રમાણમાં વિરામ પામે છે. સાધકે કોઈપણ વાણી દ્વારા સ્વાભાવિક રીતે જપ થયાં કરે, એવો અભ્યાસ કરવો. સ્વાભાવિક નવકાર મંત્રના જપનું પરિણામ અંતઃકરણની પવિત્રતા - એકાગ્રતા દ્વારા તત્ત્વસાક્ષાત્કાર રૂપે થાય છે.

अनन्याश्चिन्तयन्तो मां, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहं ॥

## નવકાર મંત્રના જાપ દ્વારા

**સર્વસંમતિને અભાવ કરી શાસ્ત્રોના મૂળનું વર્તન**

**- એ જ સમ્યગ્દૃષ્ટિની શરણાગતિ છે.**

સર્વસંમતિ, જિનાજ્ઞા અથવા શાસ્ત્રઆચાર્યને
અનુસરનારી જ સહીસલામત છે, ત્યાં સુધી
તે આચાર્યને શરણો રહીને પોતાનું આત્મહિત સાધે છે,
તેમાંથી બચાવ લેનાર એ જિનાજ્ઞાનું શરણાગમન છે.

પહેલાં સદાચાર, નામસ્મરણ, ભજન,
કીર્તન, ભક્તિ અને દયા - એ ઉચિત ક્રિયા છે.

Imp અસતમાંથી સત પ્રત્યે જઈને સમ્યગ્દર્શન પડે,
અંધકારમાંથી પ્રકાશ પ્રત્યે જઈને સમ્યગ્જ્ઞાન પડે,
મૃતમાંથી અમરત્વ પ્રત્યે જઈને સમ્યક્ચારિત્ર પડે

પરમપદ પ્રાપ્ત કરી, પરમ અર્થ ઉઘાડી,
પરમ મંત્રચૈતન્યને જગાડી, પરમ રહસ્યને અનુભવી,
પરમતત્ત્વ પામવાનું છે અને સર્વને પમાડવાનું છે.

**આ માર્ગ છે, આ જ માર્ગ છે, આ માર્ગ જ છે.**

# પરમેષ્ઠિ નમસ્કાર એ ધર્મનું મૂળ છે.

શાસ્ત્રે ત્રણ ગુણવાળાને જ ધર્મનો અધિકારી કહ્યો છે. પરમેષ્ઠિ પદે પહોંચવા માટે ક્ષાન્ત - દાન્ત - શાન્ત ગુણ અનિવાર્ય છે, અને સજ્જનો તે ત્રણ ગુણના પાલન વડે પરમેષ્ઠિ પદે પહોંચેલા પરમેષ્ઠિ ભગવંતોને ભાવથી નમસ્કાર કરવામાં આવે, તો તે ત્રણ ગુણને આવરણ કરનારાં કર્મો હટી જાય છે અને એ સાધનનો આશ્રય લેવામાં ન આવે, તો સ્વપ્રયત્ને તે ત્રણ ગુણો પામવા અતિ દુર્લભ છે, તેથી જ સર્વ શાસ્ત્રકાર ભગવંતોએ પરમેષ્ઠિ નમસ્કારને ધર્મનું મૂળ કહ્યું છે તથા પ્રત્યેક શુભ કર્મની આદિમાં તેને કરવાનું વિધાન કર્યું છે. નમસ્કારનો ભાવ જ્યારે ચિત્તને સ્પર્શે છે, ત્યારે માનવને મળેલ આત્મોદ્ધાર માટેનો અમૂલ્ય અવસર ધન્ય બને છે. નવકાર મંત્રથી આરંભ થયેલ ભક્તિ અંતે જ્યારે સમર્પણમાં પૂર્ણ થાય છે, ત્યારે માનવ પોતાને પ્રાપ્ત થયેલ જન્મની સાર્થકતા અનુભવે છે.

## અરિહંત પરમાત્માની ૯ અંગે પૂજા

ભાલસ્થલે આરતા, શિખા ઉપર સિદ્ધશિલા,
જેઉ ભુજા એ ભવસાગર તરવાની ક્રિયા,
જેઉ જાનુ એ ઊભાં ઊભાં કુવિચરણ, જેઉ ચરણો ગમન
- વંદન - પૂજન વડે ભવાટવીમાં શરણાગતિ ફળ છે.
પ્રભુની નવ અંગ પૂજાનો આ વિશિષ્ટ પ્રભાવ છે.
આ જગતમાં પાંચ વિષય અને ચાર કષાય -
એ નવ નાગ છે, તેના જીતનારા
પાંચ પરમેષ્ઠિઓ અને ચાર ધર્મો એ વાઘા છે.
ચાર ધર્મોમાં સમ્યગ્દર્શન એ નીચલું વસ્ત્ર છે,
સમ્યગ્જ્ઞાન એ ઉપલું વસ્ત્ર છે,
સમ્યક્ચારિત્ર એ મસ્તકનું ઢાંકણ અને
સમ્યક્તપ એ પગનું ભૂષણ છે.
જેમ સ્નાન - વસ્ત્ર - આભૂષણ - ધન વિના દેહ ન શોભે,
તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપધર્મ વિના
આત્માનું જીવન પૂર્ણ રહેતું નહિ.

V.V. Imp. <u>નમસ્કાર એ જ શ્રેષ્ઠ આધાર</u>

નવકાર મંત્ર વડે અખિલ બ્રહ્માંડના નાયક પરમેષ્ઠિ ભગવંતો સાથે ક્ષુદ્ર જણાતો મનુષ્ય સ્નેહનો સંબંધ બાંધી શકે છે, એ જગતનું મોટામાં મોટું આશ્ચર્ય છે.

તિરસ્કારના પાપથી બચવા માટે

નમસ્કાર એ જ શ્રેષ્ઠ આધાર છે. જે નમસ્કારયોગ્ય છે, તેને નમસ્કાર કરવાથી જ તિરસ્કારના પાપથી બચાય. નમનીયને નમસ્કારના મહત્ત્વનો ખ્યાલ મેળવી શકાય છે, તે ઉત્કૃષ્ટ પરમેષ્ઠિ નમસ્કાર પાપથી મુક્ત થવાનો અને ધર્મમંગળથી યુક્ત થવાનો અનન્ય ઉપાય છે.

મરણ એ શરીરની પ્રકૃતિ છે, જીવન એ વિકૃતિ છે. અમરણ એ આત્માની પ્રકૃતિ છે, મરણ એ વિકૃતિ છે.

<u>અંત સમયે જેનું ચિત્ત પંચપરમેષ્ઠિ નવકારમાં રહે, તે જીવ (જો પૂર્વે આયુષ્યનો બંધ ન કર્યો હોય તો) તે જ ભવે મોક્ષ ન પામે, તો ય વૈમાનિક દેવ તો અવશ્ય થાય છે.</u>

'નમઃ' એ અદ્ભુત પ્રચંડ સૂક્ષ્મ શક્તિમાન મંત્ર છે.
મન નમઃમાં પલટાઈ અંતે ૐમાં પરિણામ પામે, ત્યારે
આત્મજ્ઞાન થાય છે અને ભવભ્રમણનો અંત આવે છે.
મનનું પરિભ્રમણ છે, ત્યાં સુધી જ ભવનું ભ્રમણ છે.
મનના પરિભ્રમણને અટકાવવા તેને સૌ વિષયોથી
પરાઙ્મુખ, આત્મા-પરમાત્માની અભિમુખ કરવું જોઈએ.

તે માટે એ મનરૂપી સાધનનું જ અવલંબન લઈ
તેને ઊલટાવીને 'નમઃ' સ્વરૂપ બનાવવું જોઈએ.

નમઃવૃત્તિ અંતરાત્મભાવરૂપ છે. બહિરાત્મભાવમાં રમતું
મન નમઃના અભ્યાસથી અંતરાત્મભાવમાં સ્થિર થાય,
ત્યારે અંતરાત્મામાં પરમાત્મભાવનાં દર્શન થાય છે, પછી
નમઃવૃત્તિ ૐકારમાં પલટાઈ જાય છે અને એ સ્વરૂપ
આત્મામાં સ્થિર થવાથી 'નમઃ' એ સિદ્ધ મંત્ર બને છે.

બાહ્ય પદાર્થોમાં અહં-મમ બુદ્ધિ ઉત્પન્ન કરનાર
મનને તેમાંથી છોડાવી 'નાહં ન મમ'નો મંત્ર
શીખવીને તેને 'નમઃ'માં સ્થિર કરવું જોઈએ.

## નવે પદો શેના ભંડાર?

(૧) અરિહંત = પરોપકારના ભંડાર.

(૨) સિદ્ધ = સુખના ભંડાર.

(૩) આચાર્ય = સદાચારના ભંડાર.

(૪) ઉપાધ્યાય = વિનયના ભંડાર.

(૫) સાધુ - સાધ્વી = સહાય - સેવાના ભંડાર.

(૬) દર્શનપદના ધારક = સદ્ભાવના ભંડાર.

(૭) જ્ઞાનપદના ધારક = વૈરાગ્યના ભંડાર.

(૮) ચારિત્રપદના ધારક = સદ્ગુણના ભંડાર.

(૯) તપપદના ધારક = સંતોષના ભંડાર.

ધર્મ મંગળ છે, તેમાં મંગળબુદ્ધિ ધારણ કરવી.

શ્રી નવકાર મહામંત્ર મહામંગળ છે, કેમકે
ત્રણે કાળ તથા ત્રણે લોકના
ધર્મવાન પુરુષોના ધર્મમાં મંગળબુદ્ધિ ધારણ કરીને
પાપનું Elimination થાય છે અને
ધર્મનું sublimation થાય છે.

નમસ્કાર મંત્ર એટલા માટે મહામંત્ર છે કે તેમાં
પરમપદે રહેલાં પરમેષ્ઠિઓને સન્માનનું દાન થાય છે.

સન્માન આપવા લાયકનું સન્માન ન થાય,
તો જીવનમાં દાનધર્મથી વંચિત થવાય.

પંચ પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાન વડે
પૃથ્વી આદિ પાંચ તત્ત્વોની સિદ્ધિ કરવાની હોય છે.

પંચ તત્ત્વોની સિદ્ધિથી રોગ - આપત્તિનું નિવારણ થઈ,
અંતે ત્રિકાળજ્ઞાન થાય છે.

ધ્યાનમાં શ્વેતવર્ણ એ જ્ઞાનપ્રાપ્તિ - મોક્ષપ્રાપ્તિ માટે છે,
સિદ્ધિ માટે અનાહત યંત્રની ઉપાસના આવશ્યક છે.

'જિન' શબ્દનો પ્રયોગ કોની કોની માટે થાય છે?
'જિન' શબ્દનો પ્રયોગ કેવળી, અવધિજ્ઞાની, જિનકલ્પી,
ચૌદપૂર્વી અને દશપૂર્વી આત્માઓ માટે થાય છે.

નમસ્કાર પદનો અર્થ : મનથી પંચપરમેષ્ઠિના સર્વ ગુણોનું
પરિભાવન, વચનથી તેઓના ગુણોનું ભાષણ તથા કાયાથી
પંચ પરમેષ્ઠિ ભગવંતોને સમ્યક્ પ્રણામ કરવો, તે છે.

## અરિહંત પરમાત્માઓ કેમ વિજયવંત છે?

જેનું નામ સર્વ ભયોનો નાશ કરે છે,
જેનું પૂજન સર્વ સિદ્ધિઓને આપે છે અને
જેનું ધ્યાન અનંત શક્તિને પ્રગટાવે છે,
તે અરિહંત પરમાત્માઓ વિજયવંત છે.
નામ દેવનું - પૂજન પ્રતિમાનું,
ધ્યાન ગુણ - પર્યાયોનું અને તેના આધારભૂત દ્રવ્યનું
- એ રીતે ચારે નિક્ષેપથી અહીં લોકને
પવિત્ર કરનાર જિનેશ્વર ત્રિકાળ વિજયવંત છે.
જેમની સેવા - ભક્તિ અને પૂજા,
ઉભય લોકનાં સુખ આપનાર અચિન્ત્ય ચિન્તામણિ,
કામઘટ, કામકુંભ અને કલ્પતરૂ તુલ્ય છે,
જેમની વાણી મોહવિષ ઉતારનાર મહામંત્ર તુલ્ય છે,
જેમના વિચારોમાં વિજ્ઞાન ભર્યું છે અને
જેમના ઉપદેશમાં આચારની સતત ધારા વહે છે,
તે જિનેશ્વરો સર્વનું કલ્યાણ કરનારા થાઓ.

જેઓ કર્મરૂપી વાદળોના સમૂહથી મુક્ત છે,
કોટી સૂર્યથી પણ અધિક તેજસ્વી છે,
સર્વ લોકનો ઉદ્યોત કરનારા છે, ઓંકાર સ્વરૂપ છે,
હ્રીંકાર વડે અંકિત થયેલ છે, ઐં - ક્લીં બીજથી કલિત છે
તથા મંત્રસમૂહમાં શક્તિરૂપે બિરાજમાન છે,
તેવા અરિહંત પરમાત્માઓ વિજયવંત છે.

૧૬ વિદ્યાદેવીઓથી પૂજિત અરિહંત પરમાત્માઓ

(૧) પુરુષજાતને ઉત્પન્ન કરનાર રોહિણી (૨) પ્રકૃષ્ટ જ્ઞાનવાળી પ્રજ્ઞપ્તિ (૩) વજ્રશૃંખલાઓ દ્વારા દુષ્ટોનું દમન કરનારી વજ્રશૃંખલા (૪) વજ્ર અને અંકુશ દ્વારા શત્રુઓનો પરાભવ કરનારી વજ્રાંકુશા (૫) જેના ચક્રની બરાબરી કોઈ કરી શકે તેમ નથી તે અપ્રતિચક્રા દેવી (૬) જે પુરુષોને વરદાન આપનારી છે તે પુરુષદત્તા (૭) શત્રુ પ્રત્યે જે કાળ જેવી છે, તે કાલી (૮) વૈરીવર્ગ પ્રત્યે જે મહાકાળ જેવી છે, તે મહાકાલી (૯) ચિત્તાકર્ષક તથા ગૌર રૂપવાળી ગૌરી (૧૦) ઉત્તમ ગંધયુક્ત ગાંધારી

(૨૧) મહાજ્વાલાથી યુક્ત તથા અનેક પ્રકારનાં
શસ્ત્રોને ધારણ કરનારી સર્વાસ્ત્રમહાજ્વાલા
(૨૨) માતાની જેમ સંપૂર્ણ વાત્સલ્ય કરતી માનવદેવી
(૨૩) અન્યોન્યના વૈરની શાંતિ કરાવનારી વૈરોટ્યા દેવી
(૨૪) પાપથી ન લેપાનાર અચ્છુપ્તા દેવી
(૨૫) ધ્યાન ધરનારને સાંનિધ્ય કરનારી માનસી અને
(૨૬) ધ્યાન કરનારને અત્યંત સહાય કરનારી
મહામાનસી દેવી અરિહંત ભગવંતોને પૂજે છે.
શ્રી સિદ્ધચક્ર ભગવંત તથા જૈનધર્મ વિજયવંત વર્તો.

જેમનું સ્મરણ - પૂજન - આરાધન
મનના સર્વ મનોરથોને પૂર્ણ કરે છે અને આધ્યાત્મના
માર્ગે આગળ વધવાનું અપ્રતિમ બળ સમર્પે છે,
તે શ્રી સિદ્ધચક્ર ભગવંત વિજયવંત વર્તો.
જેણે નવકાર દ્વારા નિરાશાવાદનો નાશ કર્યો છે અને
જગતને જયશાલી થવાનું મહાવિજ્ઞાન આપ્યું છે,
તે જૈનધર્મ વિજયવંત વર્તે છે.

## સવિકલ્પતાના બંધનથી મુક્ત

શ્રી નમસ્કાર મંત્રની શ્રદ્ધા પરમ ધૃતિને આપે છે.
તે ધૃતિ ધર્મધ્યાનને પ્રકટાવે છે, ધ્યાનને સ્થિર કરે છે
અને ચિત્તસમાધિના પરમ સુખનો અનુભવ કરાવે છે.
શ્રી નમસ્કાર મંત્ર વડે જ્ઞાનાદિથી એકતાનો અને
રાગાદિથી ભિન્નતાનો અનુભવ થાય છે.
ઉપયોગમાં એકતારૂપ જ્ઞાન તથા રાગાદિથી ભિન્ન વૈરાગ્ય,
એવા જ્ઞાન-વૈરાગ્યયુક્ત શુદ્ધાત્માનું અનુભવન થાય છે.
તે અનુભવમાં રાગાદિથી ભેદનું જે જ્ઞાન છે,
તે સંવર છે અને જ્ઞાનાદિથી અભેદનું જ્ઞાન છે,
તે પૂર્વકર્મની નિર્જરા કરાવે છે.
એ રીતે સંવર-નિર્જરાની દશા પ્રાપ્ત કરાવનાર હોવાથી
'શ્રી નમસ્કાર મંત્રને વિષે ભાવના -
એ પરમાનંદ રૂપી મોક્ષનો પરમ ઉપાય છે.'
એથી સમ્યગ્દર્શન થતાં જ આત્મામાં આનંદાનુભૂતિ
અને સંવર-નિર્જરાની પ્રાપ્તિનો આરંભ થઈ જાય છે.

એક અરિહંતનું નામ લીધું,

એટલે બધાનું નામ લેવાનું રહેતું જ નથી.

અરિહંત નામમાં રહેલા

આ અદ્વૈતની ખૂબી કોઈ વિરલા જ જાણે છે.

'એગમ્મિ પૂઇએ સવ્વેતે પૂઇઆ હોંતિ ।'

અર્થાત્: એકને પૂજવાથી સર્વ પૂજાયેલાં થાય છે.

સમ્યક્ બુદ્ધિથી પ્રભુનામ ગ્રહણ કરવું અને

પ્રભુને સર્વત્ર તથા સમાનરૂપે વ્યાપેલા જોવા.

પછી તે દ્રવ્યકર્મ હો કે ભાવકર્મ,

દરેક પ્રકારના કર્મશત્રુનું દમન કરે છે,

જેમ સૂર્ય સહસ્ત્ર કિરણો વડે ત્રિભુવનમાં વ્યાપે છે,

તેમ આત્મરામ સર્વ દેહમાં વ્યાપેલો છે.

પ્રભુસ્મરણના નિયમે આટલું દર્શન સ્પષ્ટ થાય છે અને

તેથી ભાવિકના બધાં જન્મ-મરણો કપાઈ જાય છે.

'નમો' એ મોક્ષબીજ છે અથવા તો વિનયબીજ છે.

'નમો' એ પ્રીતિ-ભક્તિસૂચક શબ્દ છે.

## નવકાર અને નવપદની તાકાત

નવકાર એ બાદબાકીને સરવાળામાં અને નવપદ એ
શૂન્યને એકડામાં ફેરવી નાંખવાની તાકાત આપે છે.
નવપદથી પુણ્યવૃદ્ધિ તથા નવકારથી પાપનાશ થાય છે.
પાપનો નાશ એ દુઃખની બાદબાકી છે અને
પુણ્યની વૃદ્ધિ એ શૂન્યમાંથી એકડો છે.
'નમો અરિહંતાણં |' બોલનારે સૌ પ્રથમ
અરિહંત પરમાત્માએ ફરમાવેલ માર્ગાનુસારીના ૩૫ ગુણોનું
પાલન કરવું પડશે, તો જ તેનો નમસ્કાર સાર્થક થશે.
સમાજને સુધારવા વ્યક્તિએ સુધરવું જોઈએ અને
વ્યક્તિએ સુધરવા માટે સૌ પ્રથમ
માર્ગાનુસારીના ૩૫ ગુણોનું પાલન કરવું જોઈએ.
જડરાશિ ઉપરની પ્રીતિ જિનભક્તિમાં પરિણમે છે
અને જિનેશ્વર ઉપરની ભક્તિ તેમના વચનો પ્રત્યે
આદરભાવ ઉત્પન્ન કરી જીવો ઉપરની પ્રીતિનો
જીવનમાં અમલ જે કરાવે છે, તે વિરતિરૂપ છે.

એ વિરતિ વિશિષ્ટ રતિરૂપ બનીને અસંગભાવને પામે,
ત્યારે રત્નત્રયીની એકતારૂપી નિશ્ચય
તે ચારિત્રરૂપી સમાપત્તિને પમાડે છે.
પ્રીતિમાંથી ભક્તિ, ભક્તિમાંથી વિરતિ અને વિરતિમાંથી
અનુક્રમે સમાપત્તિમાં લઈ જવાની તાકાત સંયમમાં છે,
નવકારના જાપ એ અનુષ્ઠાન છે અર્થાત્
અસત્‌ની નિવૃત્તિ અને સત્પ્રવૃત્તિ રૂપ છે.
તેનું પાલન કરવાથી આજ્ઞાનું આરાધન થાય છે.
આજ્ઞારાધન દ્વારા આજ્ઞાકારકનું શરણ તે
ચતુઃશરણગમનરૂપ છે, જે શુદ્ધાત્મ સ્વભાવ સમરાવતા
શુદ્ધ આત્મપ્રણિધાનમાં પરિણમે છે. શુદ્ધાત્મપ્રણિધાન
મોક્ષનું અસાધારણ કારણ બનીને મોક્ષ અપાવે છે.
મોક્ષ મેળવવા સંકલ્પ કરવો કે:
શુદ્ધોપયોગ મેળવવા શુદ્ધ આત્મભાવ રૂપી પિતા અને
શુદ્ધાત્મરતિ રૂપી માતા ઉપરાંત શીલ, સત્ય, શમ, દમ,
સંતોષાદિ બંધુઓનો નવકાર મંત્ર દ્વારા આશ્રય કરું છું.

## નવકારના જાપ દ્વારા આરાધકપણું

પ્રીતિ, ભક્તિ, વચન રૂપ શુભ સંકલ્પમય ક્રિયા દ્વારા અશુભ સંકલ્પને દૂર કરતો સાધક આરાધક થાય છે.

### વીતરાગની ભક્તિ કેવી છે?

તે રાગ-દ્વેષ - મોહની પ્રતિપક્ષભૂત ભાવનાનો ભંડાર છે.

### નિર્ગ્રન્થની ભક્તિ કેવી છે?

તે કામ, ક્રોધ, લોભ, હિંસા, અસત્ય, અબ્રહ્માદિ દોષોની પ્રતિપક્ષભૂત ભાવનાથી ભરેલી છે. જેમ જેમ વીતરાગ દેવ અને નિર્ગ્રન્થ ગુરૂઓની સેવા, પૂજા, ભક્તિ, સ્તુતિ, સ્તોત્ર, સ્મરણ અને ધ્યાન વગેરે વધતાં જાય, તેમ રાગાદિ દોષોના પ્રતિપક્ષભૂત જ્ઞાન - દર્શન અને ચારિત્રાદિ ગુણોનું બહુમાન વધતું જાય અને તે દ્વારા રાગાદિ દોષો અને ક્રોધાદિ કષાયો નિર્બળ થતાં થતાં અનુક્રમે પાતળાં પડતાં જાય, એ નિશ્ચિત છે.

સિદ્ધયોગી રાગદ્વેષના અભાવરૂપ ઉપશમથી શુદ્ધ થાય. તેને અસંગ ક્રિયા લક્ષ્યરૂપ છે - આલંબનરૂપ નહિ.

જિનવચન પ્રત્યે આદરભાવનો અર્થ છે...
મુક્તિ - મુક્તિમાર્ગ - મુક્તિમાર્ગ પ્રસ્થિત પ્રત્યે આદરભાવ.
વીતરાગ પરમાત્મા વૈરાગ્યાદિ ગુણોના ભંડાર છે અને
નિર્ગ્રન્થ મહાત્માઓ ક્ષમાદિ ગુણોના ભંડાર છે. તેઓની
ભક્તિ દ્વારા થતું બહુમાન રાગાદિ દોષોનો હ્રાસ કરે છે
અને ક્ષમા આદિ ગુણોની અવશ્ય વૃદ્ધિ કરે છે.
આશ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતાનો અર્થ છે...
મોક્ષ, મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગની ઉપાદેયતા.
એનું જ બીજું નામ છે પંચ પરમેષ્ઠિ નમસ્કાર.
પરિણામવિશુદ્ધિનો હેતુ = પરમેષ્ઠિ પ્રત્યે નમસ્કારભાવ.
પરિણામની અશુદ્ધિસૂચક = નમસ્કારભાવ ન હોવો તે.
પરિણામની અશુદ્ધિ = ઈર્ષ્યા, અસૂયા, દ્વેષ, અમર્ષાદિ ભાવો.
પરિણામની વિશુદ્ધિ = મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્યાદિ.
પરમેષ્ઠિ નમસ્કાર મૈત્ર્યાદિભાવપોષક તથા અનમસ્કાર
ઈર્ષ્યાદિભાવપોષક છે, તેથી નમસ્કારભાવ કેળવવામાં જ
આત્મહિત છુપાયેલું છે અને અહિતથી રક્ષણ છે.

## નમસ્કાર દ્વારા પુણ્યસંચય તથા પાપક્ષય

નમસ્કારભાવ વિનાનો ધર્મ એ નામમાત્રનો ધર્મ છે. આત્મહિતકારી ધર્મનો પ્રારંભ જ નમસ્કારભાવથી થાય. ચાર ભાવનાઓથી ભરેલા પાંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાથી અઢાર પાપનો નાશ થાય છે અને

નવ પ્રકારના પુણ્યની પ્રાપ્તિ થાય છે.

પુણ્યની વૃદ્ધિ તથા પાપક્ષય વડે તથાભવ્યત્વભાવનો વિકાસ થાય છે અને સહજમલનો હ્રાસ થાય છે, તેથી બળવાન નિમિત્તો હતાં અહિતથી બચી હિત સધાય અને તેમના અહિતમાં નિમિત્ત બનતાં બચી જવાય છે, ઉપરાંત બીજાના હિતમાં નિમિત્ત બનાય છે, તેથી અષ્ટકર્મનો ક્ષય અને નવ ચતુષ્કની પ્રાપ્તિ થાય છે.

સહવું તે જ્ઞાન, તે જ તપ - જપ અને પૂજન,
કેમકે સહવામાં પ્રભુઆજ્ઞાનું બહુમાન છે.

નમસ્કારમાં ધર્મની સુખદાયકતા - કર્મની દુઃખદાયકતાનો વિચાર અનુસ્યૂત હોવાથી પરિણામ વિશુદ્ધિજનક છે.

## પરમેષ્ઠિ નમસ્કારનું માહાત્મ્ય શાથી ?

સમષ્ટિભાવ અથવા તો અંતરાત્મભાવ દ્વારા વ્યષ્ટિભાવ કે બહિરાત્મભાવનો ત્યાગ થાય છે અને પરમેષ્ઠિભાવ કે પરમાત્મભાવનો સ્વીકાર થાય છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ અંતરાત્મભાવ હોવાથી તે બહિરાત્મભાવનાં ત્યાગમાં - પરમાત્મભાવનાં સ્વીકારમાં પરિણમે છે. પરમેષ્ઠિ નમસ્કાર એ મધ્યસ્થ પરિણતિરૂપ હોવાથી અયોગ્ય પ્રત્યેની મમત્વબુદ્ધિ છોડાવે છે અને યોગ્ય પ્રત્યે આદરભાવ હોવાથી સમત્વબુદ્ધિ વિકસાવે છે. પરમેષ્ઠિ નમસ્કાર કથંચિત મનોગુપ્તિરૂપ છે, કેમકે એ આર્તરૌદ્રનો ત્યાગ અને ધર્મશુક્લનો આદર કરાવે છે.

**પરમેષ્ઠિને નમસ્કાર એ ન્યાયબુદ્ધિ રૂપ છે.**

તે હેય પ્રત્યે આદરબુદ્ધિને છોડાવે છે, ઉપાદેય પ્રત્યે આદર બુદ્ધિ ઉત્પન્ન કરે છે. આત્માને અહિતકારી તત્ત્વો પ્રત્યે મમભાવનો ત્યાગ કરાવે છે, આત્મહિતકારી તત્ત્વો પ્રત્યે મમભાવને જગાડે છે, હિતકર પ્રત્યે ઉપેક્ષા

છોડાવે છે, અહિતકરની અપેક્ષા મૂળથી મટાડે છે અને હિતાહિતનો વિવેક કરાવી રાખીને સમ્યગ્ બનાવે છે. સમ્યગ્જ્ઞાન અને ન્યાયબુદ્ધિ પરસ્પર પર્યાયવાચી છે.

## 'ચૌદ પૂર્વનો સાર નવકાર'નો અર્થ

પરમેષ્ઠિ ભગવંતોના બહુમાનવાળો આત્મા, બહુમાન વડે કથંચિત્ અભિન્ન ભાવને પામેલા નિજ આત્માને ચૌદ પૂર્વ પ્રશંસે છે, જેને પંચપરમેષ્ઠિ માટે બહુમાન છે.
ચૌદ પૂર્વનો = દ્વાદશાંગનો. દ્વાદશાંગ = ત્રણે લોકનો સાર.

નવકાર એ Constitutionaly Correct છે.

નવકાર એ Politically perfect છે.

નવકાર એ Economically efficient છે.

નવકાર એ Spiritually supreme છે.

(૧) ઇચ્છા એ વિકૃતિ (૨) ઇચ્છાની શાંતિ એ પ્રકૃતિ અને (3) નમસ્કૃતિ એ સંસ્કૃતિ છે.

નવકાર કહે છે: જો તમારા આત્માનું કલ્યાણ કરવું હોય, તો સંસારથી નિરપેક્ષ રહી, તટસ્થ દૃષ્ટા બનીને જીવો.

સમતોલ બનવું છે? તો નવકારનું ધ્યાન કરો...!

ઉપરોક્ત આત્મચિન્તન અને નવકારનું ધ્યાન મનુષ્યને સ્વસ્થ, સમતોલ, સ્થિરબુદ્ધિ, શાન્તસ્વભાવવાળો બનાવે છે, તેથી ચિત્તશાંતિ - બૌદ્ધિક પ્રતિભા - મનોબળ વધે છે, છેવટે આત્મસ્થિત બની રહેવાનું બળ પ્રાપ્ત થાય છે. સાધનામાર્ગમાં ધીરજની ઘણી જરૂર રહે છે. ધીમી પણ ચોક્કસ પ્રગતિ થાય, એજ મોટી વાત સમજવાની છે.

અહો જગત પરમેષ્ઠિ બહુમાનવાળા આત્માની ટેક છે.

બહિર્ભાવની ભ્રાંતિમાં જ અહો જગતનું ભાન છે,

એટલે તે ભાનનો સ્વામી આત્મા

એજ અહો જગતનો પરમાર્થ સ્વામી છે.

દ્વાદશાંગ શ્રુતજ્ઞાનનું મૂળ અરિહંત,

ફળ સિદ્ધ, સંક્ષેપ ધર્મ અને સાર નવકાર છે.

નવકારનું મૂળ અરિહંત, ફળ સિદ્ધ, હેતુ રત્નત્રયી તથા

સ્વરૂપ પ્રીતિ - ભક્તિ - હેતુ વચન - અસંગ છે.

મૂળ તીર્થ - તીર્થપતિ, ફળ નિર્વાણ - મોક્ષસુખ.

## નમસ્કાર મંત્ર એ ભૂમા છે.

જે અલ્પ છે, તે સુખ નહિ. જે વિશાળ છે, વ્યાપક છે,
ભૂમા છે, તે સુખ છે. વ્યાપકતાનો અનુભવ એટલે સ્વયંનું
અલગ જાણું કાંઈ છે જ નહિ, એવી અનુભૂતિ.
નમસ્કાર વડે ગુરુત્વાકર્ષણના ક્ષેત્રમાં આવવાનું થાય છે.
ગુરુમાં ગૌરવ છે, ગરિમા છે, ગુરુત્વ છે.
જ્યાં ગુરુત્વ હોય, ત્યાં ગુરુત્વાકર્ષણ રહેવાનું જ.

નમસ્કાર મંત્ર વડે ગર્હણીયમાં ગર્હાબુદ્ધિ,
અનુમોદનીયમાં અનુમોદનાની બુદ્ધિ અને
પૂજનીયમાં પૂજ્યતાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

પ્રશંસનીય પૂજ્ય તત્ત્વ પ્રત્યે માધ્યસ્થ્ય નિંદનીય છે.
ગર્હણીય પ્રત્યે અનુમોદનીયતા નિંદનીય છે,
અનુમોદનીય પ્રત્યે ગર્હણીયતા નિંદનીય છે અને
એનો પ્રતિપક્ષ ભાવ પ્રશંસનીય છે.
અનાદિ ભવભ્રમણનું મૂળ ભવ, ભવમાર્ગ અને તેમાં
સ્થિત પ્રત્યે સત્કારિતા છે તથા મુક્તિ, મુક્તિમાર્ગ અને

મુક્તિમાર્ગ સ્થિત પ્રત્યે અસહકારિતા છે, જે નમસ્કાર
વડે દૂર થાય. જ મંગળ વડે જ કષાયનો જય થાય છે.
'ષડ્ આવશ્યકમાં નવકાર વડે શ્રુતબોધ થયું' અર્થાત્
નવકાર વડે જ્ઞાન, લોગસ્સ વડે ધ્યાન અર્થાત્
ચતુર્વિંશતિ સ્તવ વડે પરમાત્માનું ધ્યાન થાય છે,
પ્રતિક્રમણ વડે શરીરનું નિવારણ થાય છે,
પચ્ચક્ખાણ વડે લાભનું નિવારણ થાય છે,
સામાયિક વડે રતિ - અરતિનું નિવારણ થાય છે તથા
કાયોત્સર્ગથી જુગુપ્સામોહનીય - વેદમોહનીય જતાય છે.
स्मृतेन येन पापीऽपि जन्तुः स्यान्निश्चितं सुरः ।
परमेष्ठिनमस्कारं मन्त्रं तं स्मर मानसे ॥१॥ અર્થાત્:
જેને યાદ કરવા માત્રથી જીવ નક્કી દેવ બને છે,
તે નવકાર મંત્રનું મનમાં સ્મરણ કર.
જૈન શાસન એટલે દ્વાદશાંગી,
તેનો સાર નવકાર, સંક્ષેપ સામાયિક સૂત્ર,
સંગ્રહ વર્ણમાળા અને મૂળ ત્રિપદી છે.

પંચ પરમેષ્ઠિનો સંગ્રહ અર્હંમાં થઈ જાય છે અને અર્હંનો સંગ્રહ 'હ્રં' બીજબિન્દુમાં થઈ જાય છે. 'અરિહંતાણં'નો 'હં' જળરાશિ સાથે અભેદ નિર્મળતા ઉપજાવે છે, પુદ્ગલથી ભેદ સ્થિરતા લાવે છે અને આત્માના ગુણો સાથે ભેદાભેદ તન્મયતા નિપજાવે છે. નવકારમાં કામકુંભ અને કલ્પતરૂથી પણ અધિક ફળ આપવાની શક્તિ છે. તેમાં આઠ સિદ્ધિ તથા નવ નિધિ સમાયેલા છે. આ નવકાર મહામંત્રનો પ્રભાવ અચિન્ત્ય છે. તેનો મુખ્ય ઉદ્દેશ કર્મનિર્જરા કરાવીને મોક્ષનો છે.

કર્મસત્તા = ઔદયિકભાવ (નમસ્કાર).

ધર્મસત્તા = ક્ષાયોપશમિકભાવ (નમસ્કાર).

પરમસત્તા = ક્ષાયિકભાવ (પુરસ્કાર).

ભયાપહારક, રોગોપશામક, વિજયાદિપ્રાપક અને મનઃકામના પ્રદાયક નવકાર મંત્રનું પણ મુખ્ય ધ્યેય મોક્ષમાર્ગના પ્રત્યેક વિઘ્નો દૂર કરવાનું અને અનુકૂળતા પ્રાપ્ત કરાવવાનું જ છે.

'ૐ અર્હં નમઃ।' મંત્ર શું આપે ?

ૐ = રાગવિજયી મંત્ર થઈને આરોગ્ય આપે.
અર્હં = દ્વેષવિજયી મંત્ર થઈને બોધિ આપે.
નમઃ = મોહવિજયી મંત્ર થઈને સમાધિ આપે.

રાગ રોગજનક છે, દ્વેષ એ અજ્ઞાન - અબોધિજનક છે અને મોહ એ અસમાધિજનક છે.

ઘણા વખત નવકારની આગળ ૐ બોલાય છે.

ઈંવા શુદ્ધિતત્ત્વનું સર્વ પ્રથમ ઉત્થાન હોય, તે ૐ છે.
પ્રભુની સાથે જે સંચરણ કરે, તે ઓં છે - પ્રણવ છે,
પ્રભુવાયુનાં આલયમાં જે સ્થિતિ શરીરની થાય છે,
તે સ્થિતિ પ્રણવના આલયમાં મંત્રની થાય છે.
ૐ એ સર્વોચ્ચ - અદ્વૈત - સત્યસ્વરૂપ આત્મતત્ત્વ અથવા ૐ એ પરબ્રહ્મ પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે.

ૐના ૪ પાદ : જાગૃત - સ્વપ્ન - સુષુપ્તિ - તુરીયાવસ્થા.
अ = જાગૃત અવસ્થા, म = સુપ્તાવસ્થા અને उ = તે બેની વચ્ચે રહેલા સ્વપ્નાવસ્થાને ઉપસ્થિત કરે છે.

ૐ આ નવકારની સાધનાથી શુદ્ધ આત્માઓની સાથે
કથંચિત અભેદની સાધના થાય છે.
'જ્યાં અભેદ - ત્યાં અભય' એ નિયમ છે.

ૐકારના ચાર પાદ કહ્યાં છે:

અ, ઉ, મ અને ચોથો પાદ માત્રારહિત વિરામ છે.
વિરામ એટલે કારણજગત અને કારણશરીરથી પર
કેવળ શુદ્ધ પરમાત્મતત્ત્વ. તે શાન્ત, શિવ તથા અદ્વૈત છે.
આ આત્મા અક્ષર દૃષ્ટિથી માત્રાઓવાળો ઓંકાર છે.
પાદ એ માત્રા છે અને માત્રા એ પાદ છે.
તે માત્રાઓ અનુક્રમે અકાર, ઉકાર અને મકાર છે.

ॐ मित्येदक्षरं परमात्मनोऽभिधानं नेदिष्ठम्,
तस्मिन् हि प्रयुज्यमाने स
प्रसीदति प्रियनामग्रहण इव लोकः । श्रुतिः

ૐ એ ભગવાનને કહેવાનો અત્યંત નજીકનો અક્ષર છે.
તે બોલવાથી પ્રિય વ્યક્તિનું નામ લેતાં સમસ્ત લોક
જેમ પ્રસન્ન થાય છે, તેમ ભગવાન પ્રસન્ન થાય છે.

## 'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં...

(૧) ૐ = Cosmic Kingdom.

(૨) અર્હં = Cosmic Ruler.

(૩) નમઃ = Cosmic Secret.

(૧) નમો = Art of life (૫૮).

(૨) અર્હં = Science of life (૮૫).

(૧) નમો = સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન.

(૨) અર્હં = સમ્યક્ચારિત્ર - સમ્યક્તપ.

નમો = Art of life & Key to Cosmic Secret.

અર્હં = Science of life, Cosmic Secret itself.

Without Him (સાકાર),

I (શુદ્ધાત્મા) remain unmanifest.

Without me, He escists not.

ૐ એ એક અક્ષરસ્વરૂપ બ્રહ્મનો ઉચ્ચાર કરતો, મને સ્મરણ કરતો જે દેહને છોડતો જાય, તે પરમ ગતિ પામે.

# ૐકારનું સ્વરૂપ

આત્મતત્ત્વ એ વિરાટ શુદ્ધ તત્ત્વ છે.

આત્મતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ - પરમાત્મ તત્ત્વ છે.

તે નિર્ગુણ ઉપાધિરહિત શુદ્ધ આત્મા છે.

(૧) અ કાર = આત્મતત્ત્વ + સમષ્ટિ કારણજગત છે

તથા વ્યષ્ટિ એ કારણશરીર છે.

સમષ્ટિ કારણજગતના અધિષ્ઠાતા ઈશ્વર ઉપાસ્ય છે,

વ્યષ્ટિ કારણશરીરનો અભિમાની પ્રાજ્ઞ ઉપાસક છે.

(આત્મતત્ત્વનું શબલ સ્વરૂપ છે.)

(૨) ઉ કાર = આત્મતત્ત્વ + સમષ્ટિ એ સૂક્ષ્મજગત છે

તથા વ્યષ્ટિ એ સૂક્ષ્મશરીર છે.

સમષ્ટિ સૂક્ષ્મજગતના અધિષ્ઠાતા હિરણ્યગર્ભ (ઉપાસ્ય)

તથા વ્યષ્ટિ સૂક્ષ્મશરીરના અભિમાની તૈજસ (ઉપાસક).

(આત્મતત્ત્વનું શબલ સ્વરૂપ છે.)

(3) મ કાર = આત્મતત્ત્વ + સમષ્ટિ એ સ્થૂલજગત છે

તથા વ્યષ્ટિ એ સ્થૂલશરીર છે.

સમષ્ટિ એ સ્થૂળજગતના અધિષ્ઠાતા વિરાટ (ઉપાસ્ય),
વ્યષ્ટિ એ સ્થૂળશરીરના અભિમાની વિશ્વ (ઉપાસક).

(ચેતનાતત્ત્વનું શાબ્દિક સ્વરૂપ છે.)

'ૐ અર્હં નમઃ |'માં 'અર્હં' એટલે યોગ્ય - લાયક.

જેઓ પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયેલાં છે,
તે સર્વે અર્હન્ત છે, તેને નમસ્કાર કરું છું.
'અર્હં' એટલે જેઓ સંપૂર્ણ રીતે લાયક છે,
જેનાથી આગળ લાયકાત જેવું કાંઈ છે જ નહિ,
તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેને નમું છું.

અર્હંની આરાધના માટે પ્રથમ અંતર્મુખ થવું જોઈએ. આત્માનું શુદ્ધ સહજાનંદ સ્વરૂપ પામવા માટે નવકાર સાધના વડે અહંનો ત્યાગ કરી અંતર્મુખ બની ધ્યાનયોગ સિદ્ધ કરવો જોઈએ, તદુપરાંત અહંમાંથી અર્હંમાં અને સ્વાર્થમાંથી સર્વાર્થમાં જવાની પ્રક્રિયા સાધવી જોઈએ.

નમસ્કાર મહામંત્ર દ્વારા ચેતનાને જાગૃત કરીને અડગ ઊભા રહેવાની શક્તિ પ્રાપ્ત કરી શકાય છે.

તંત્રનો એક ભાગ તે મંત્ર.

તન્યતે વિસ્તાર્યતે જ્ઞાનમનેનેતિ તંત્રમ્ । અર્થાત્:

જ્ઞાન જેના વડે વિસ્તરાય, તે તંત્ર.

તેના બે વિશિષ્ટ અંગ છે: યંત્ર અને મંત્ર.

યંત્ર એટલે...

યમ - સંયમ, નિયંત્રણ યા વિસ્તૃત શક્તિનું કેન્દ્રીકરણ.

મંત્ર એટલે...

'મંત્ર' શબ્દ મન્ ધાતુ અને ત્રૈધાતુના યોગથી બન્યો છે.

મનનાત્ ત્રાયતે યસ્માત્ તસ્માન્મંત્ર ઉદાહૃતઃ । અર્થાત્:

મનન કરનારનું રક્ષણ કરે છે, માટે 'મંત્ર' કહેવાય છે.

જેના મનન, ચિંતન, ધ્યાન દ્વારા દુઃખની નિવૃત્તિ થઈ

પરમાનંદની પ્રાપ્તિ થાય, તેનું નામ મંત્ર છે.

મંત્રચૈતન્ય એટલે...

મંત્રનો અર્થ અને મંત્રદેવતાની અનુભૂતિનું એકીકરણ.

પિંડમંત્ર એકાક્ષર: ૐ હ્રીં નમઃ । ૐ ઐં નમઃ ।

દ્વયાક્ષરી: ૐ હ્રીં શ્રાં નમઃ । ત્ર્યક્ષરી: ૐ હ્રીં હ્રૂં હ્રૈં નમઃ ।

મંત્રના ત્રણ પ્રકાર છે: વૈદિક, પૌરાણિક અને તાંત્રિક.

મંત્રના ત્રણે પ્રકારોમાં ત્રણ તત્ત્વ નિહિત છે:

(૧) પ્રણવ = સંબોધન.

વ્યાહૃતિ, પરમ તત્ત્વની નિકટ આવવું.

(૨) બીજ = વિશિષ્ટા.

પરમતત્ત્વનું દર્શન કરવું અથવા ઉપલબ્ધ કરવું.

(૩) દેવતા = વ્યાપકતા.

જીવનના સર્વ તત્ત્વોને તદ્ભાવથી પરિભાવિત કરવા.

પ્રણવના અ + ઉ + મ = શક્તિતત્ત્વના દ્યોતક છે,
અર્ધમાત્રા એ શાંત શિવં અદ્વૈતં - શક્તિમાનની દ્યોતક છે.

અર્ધેન એકાંશેન મીયન્તે પરિચ્છિદ્યન્તે
અનયા ઇતિ અર્ધમાત્રા ।

એકાંશમાં જડતત્ત્વ સમાયેલ છે, પરિણત કે નિવર્તિત છે.

એકાંશેન સ્થિતો જગત્ ।

તે પૂર્ણ - અખંડ તત્ત્વ અર્ધમાત્રાનું લક્ષ્ય છે.
વિશ્વમય અને વિશ્વાતીત તત્ત્વ પ્રણવમાં નિહિત છે.

## મંત્રના પાંચ પ્રકાર ભેદ

(૧) પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ. (૨) સિદ્ધ, સાધ્ય, સુસિદ્ધ, અરિમંત્ર. (૩) પિંડ, કર્તરી, બીજ, માલામંત્ર.

(૪) સાત્ત્વિક, રાજસ અને તામસમંત્ર.

(૫) શાબર અને ડામરમંત્ર.

નવકાર = ૐકાર કે પ્રણવ.

પ્રણવના અકાર, ઉકાર અને મકાર દ્વારા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણોના તત્ત્વને ભેદીને ગુણાતીત, અખંડ, અદ્વૈત તત્ પદાર્થની નિકટ જવાનો અવસર મળે છે. મંત્ર - મંત્રદાતા ગુરુ અને મંત્રગ્રહીતા સાધકની શક્તિ એકત્ર મળીને મંત્રસિદ્ધિની પ્રક્રિયાનું સંપાદન કરે છે. નવકારમંત્ર જપની ક્રિયા માનસિક રીતે, મધ્યરાત્રિના સમયે નદીના તટ સમીપે, પવિત્ર તથા નિર્જન સ્થાને, તે ઉપરાંત ગ્રહણ અથવા દિવાળી પર્વે થવી જોઈએ. મંત્રના અર્થ અને ભાવને શરીર તથા મનના સર્વ તત્ત્વોમાં સંચારિત કરવાનું કાર્ય પુરશ્ચરણાદિ થાય છે.

'ॐ अर्हं नमः ।' મંત્રથી શું થાય છે ?

(૧) મનોજન્ય શાન્તતા (૨) ઇંદ્રિયજન્ય દાન્તતા અને (૩) કષાયજન્ય ક્ષાન્તતા થાય છે.

આ નમસ્કાર મહામંત્રનો સતત જાપ = પ્રભુનું નામ.

પ્રભુનું નામ... અજોડ તંત્રપ્રયોગ

(૧) પ્રભુનું નામ કેવળજ્ઞાનનું આકર્ષણ છે.
(૨) પ્રભુનું નામ મોક્ષલક્ષ્મીનું વશીકરણ છે.
(૩) પ્રભુનું નામ વિષય અને કષાયનું ઉચ્ચાટન છે.
(૪) પ્રભુનું નામ અષ્ટકર્મનું વિદ્વેષણ છે.
(૫) પ્રભુનું નામ ઉન્માર્ગગામી મનનું સ્તંભન છે.
(૬) પ્રભુનું નામ આત્માનુભૂતિનું મોહન છે.

શેનાથી ઉત્તરોત્તર અધિક ફળ મળે ?

(૧) કાયા વડે પૂજા થાય (૨) વચન વડે સ્તોત્ર થાય (૩) મન વડે જાપ થાય (૪) બુદ્ધિ વડે ધ્યાન થાય (૫) ચિત્ત અને અહંકાર વડે લય થાય છે, તેથી તે સર્વે ઉત્તરોત્તર અધિક ફળ આપનાર થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર કહે છે કે:

સર્વજ્ઞ જિનશાસન જ વિજયવંત છે.

શાંતિથી કે ક્રાંતિથી -

તેને ગ્રહણ કર્યા વિના કોઈનો પણ છૂટકો થતો નથી.

દ્વાદશાંગીનું મૂળ એ ત્રિપદી છે,
ફળ સમતા સામાયિક છે, સાર નવકાર છે અને
સંગ્રહ વર્ણમાતૃકા છે.

ધર્મનો હેતુ નમસ્કૃતિ, સ્વરૂપ મનોગુપ્તિ, અનંતર ફળ સમાપત્તિ, પરંપર ફળ મુક્તિ, અનંતર હેતુ નમસ્કૃતિ અને પરંપર હેતુ વર્ણ - અભિવ્યક્તિ છે.

વિજયવંત જિનશાસનનો મહિમા

તીર્થંકરો ઉપદેશ વડે શાંતિથી મોક્ષમાર્ગને સમજાવે છે.
જેઓ મોક્ષના માર્ગને ગ્રહણ કરે છે,
તેઓ સિદ્ધિનાં શાશ્વત સુખ પામે છે.
જેઓ શાંતિ વડે ગ્રહણ કરતાં નથી, તેઓને
ચક્રવર્તી પ્રકૃતિક્રાંતિ દ્વારા તે જ માર્ગ સમજાવે છે.

મનુષ્યભવ રૂપી નગરીમાં નવકાર મંત્ર = સાચા રત્નો.

૮૪ લાખ યોનિરૂપી ચૌટામાં ફરી ફરીને

મનુષ્યભવ રૂપી મહાનગરીમાં જૈનશાસન રૂપી બજારમાં, સુવિહિત શ્રી સદ્ગુરુની દુકાને, શ્રી નમસ્કાર મહામંત્રના જાપ રૂપ સાચા રત્નોનો વેપાર કરતાં આવડે, તો નફો જ મળે, નુકસાન થાય જ નહિ અને ગુણરત્નોના ભંડાર ભરાય. ક્ષયોપશમભાવ = ગુણરત્નો.

નવકાર શરણં આલંબનભાવ.

ક્ષાયિકભાવનાં લક્ષ્યપૂર્વક ઔદયિક ભાવોને નબળા પાડવા ઉત્તમ ધર્મક્રિયાઓ વડે આત્મા - પરમાત્માના આલંબનભાવમાં રમવું થાય, તો આ ભવ - ભવોભવનું સઘળું ભાગ્યવાળું બને, સંપૂર્ણ ક્ષાયિકભાવનાં ગુણ-રત્નોનો લાભ થાય, અનંતકાળ અનંત આનંદમાં રહેવાય.

અક્ષર એ જ મારી આત્મા.

અક્ષર વગર મારું - મારા વગર અક્ષરનું અસ્તિત્વ નથી.

નમસ્કારનો પ્રત્યેક અક્ષર એ મારી આત્મા જ છે.

આ નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા
શરીર જ જ્યારે શિવનું મંદિર બની જાય છે,
ત્યારે તેનો પગ જ્યાં પડે છે, ત્યાં પવિત્રતાનો
સ્તંભ રોપાય છે અને ધરતીની ધૂળને ધન્ય કરે છે.
તે પછી મસ્તકમાંથી જે વિચારો સ્ફૂરે છે, તે સુવર્ણ
કળશમાંથી ઉઠતાં સોનેરી કિરણોની જેમ ફેલાય છે અને
શુદ્ધ ચિત્તનો - શિવતત્ત્વનો સાક્ષાત્કાર કરાવે છે.
આવી રીતે ચાલતાં ચરણો અને ચમકતાં ચિત્ત કરતાં
વધુ પાવન શિવદર્શન કયું મંદિર કરાવશે?
મંદિરો ચણાવવા અને જાતે મંદિર બની જવું,
એ બે વચ્ચે તફાવત છે. માનવશરીર એ મંદિર છે,
પગ એ સ્તંભ છે અને મસ્તક એ સુવર્ણ કળશ છે.
આવું શરીર ઢળી પડે તો યે તેના અંદર પ્રકટેલાં
શિવના ચૈતન્ય સ્વરૂપને કશી જ આંચ આવતી નથી.
જગતમાં સર્વત્ર પરમ શિવને નિરખવા જેવું કોઈ
પુણ્યતીર્થ નથી, મંગળ મંદિર નથી, સજીવન મૂર્તિ નથી.

# નમસ્કાર દ્વારા અનુગ્રહ અને નિગ્રહ

જેઓને નમસ્કાર કરવાથી અગણિત પાપરાશિઓ, પાપવાસનાઓ, વિષયોનો તુચ્છ રાગ અને કષાયોનો મહાદાવાનળ શાંત થતો હોય, તે નિર્વાસિત તથા નિરંજન દેવ-ગુરુ કરતાં મોટા હિતચિંતક બીજા કોણ ગણાય? અનંતકાળના દારિદ્ર્યને દફનાવી દેનાર પંચપરમેષ્ઠિ યા દેવ-ગુરુ જેવા ખરા સ્નેહી છે, તેમના પર સર્વાધિક સુદૃઢ સ્નેહ ન હોય, તેનામાં સાચા-ખોટાનું મૂલ્યાંકન કરવાની શક્તિ જ નથી આવી, એમ સમજવું જોઈએ. ભગવદનુગ્રહ એ કૃપા અને આત્માભ્યાસ એ પુરુષાર્થ છે, એ પુરુષાર્થ જ ભગવાન યોગ-ક્ષેમકારક ગણાય છે.

અનુગ્રહ યત્નસાધ્ય છે, નિગ્રહ સ્વાભાવિક છે.

અનુગ્રહ આત્માભ્યાસથી સાધ્ય - નિગ્રહ સ્વયમેવ થાય.

સાચો વિરાગી દેવ-ગુરુનો મહારાગી હોય અને
દેવ-ગુરુનો રાગી એ સ્વયં મહાવિરાગી હોય.

દેવ-ગુરુની રતિ જ વિષયોની રતિ નિવારી શકે.

બધા વિષયોમાં પ્રધાન વિષય પંચ પરમેષ્ઠિ છે,
તેઓ જ પરમ હિતૈષી છે,
તેમનું નામ એજ પરમ નિધાન છે.

નમસ્કાર મહામંત્રથી કર્મના નિયમનો સ્વીકાર તથા ધર્મના નિયમનું બહુમાન થયું હોવાથી આર્તરૌદ્ર ધ્યાન શમી જાય અને ધર્મશુક્લ ધ્યાનની ઉત્પત્તિ થાય છે. આર્તધ્યાનનો પ્રતિપક્ષી વિચાર 'સુખ-દુઃખ કર્માધીન છે' અને ધર્મ-શુક્લધ્યાનનો ઉત્કૃષ્ટ વિચાર છે કે :

'સર્વ જીવો સત્તાથી સિદ્ધ સમાન છે.'

ભવથી છૂટવાની અને આત્મસમૃદ્ધિને પ્રગટ કરવાની તકને જવા દેવી નહીં. અપ્રશસ્ત ભાવમાંથી નીકળીને, પ્રશસ્ત ભાવમાં રહી, વિશુદ્ધ ભાવની તીવ્ર તાલાવેલી હૃદયમાં ધરાવીને અરિહંત દેવની આજ્ઞા પ્રમાણે અને સદ્ગુરુની ઉપાસનાપૂર્વક ઉત્તમ શ્રાવક જીવન અથવા નિર્મળ ચારિત્રમય જીવન માટે દ્રવ્ય અને ભાવથી શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ કરવા.

# આજના ભવનું સરવૈયું નફાવાળું કરવા શું કરવું?

આરંભ-સમારંભ ઘટાડી, જિનપૂજા, તીર્થયાત્રા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ કરતા રહેવું, એથી આગળ વધી આત્મતત્ત્વને ઊંડાણથી સહજ ધર્મધ્યાનમાં લીન થવા માટે પુરુષાર્થ કરવો. ભવસુખની રુચિ ઘટાડી, મોક્ષસુખની રુચિ જગાડી, મોક્ષમાર્ગમાં આગળ વધવા આત્મપુરુષાર્થ કરવો.

જે સાધક શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા આત્મપુરુષાર્થ વધારે, તેનું ભવનું સરવૈયું નફાવાળું થાય, અને આત્માનો સાચો આનંદ અનુભવાય છે.

તત્ત્વરમણતા અને આત્મધ્યાનના આદરવાળા થવા માટેનો સરલ ઉપાય નવકારનો જાપ છે.

નમસ્કારભાવ વસ્તુમાં અહં-મમબુદ્ધિ મિટાવી આત્મામાં આત્મબુદ્ધિ પેદા કરે છે, તેથી મિથ્યાત્વ નાશ પામે છે.

અહં-મમની બુદ્ધિ આત્માથી ભેદ કરાવે છે, તેથી મિથ્યાત્વને ઉત્તેજિત કરે છે અને ચિત્તની અશુદ્ધિ નિપજાવે છે.

## ઉપાસના અને સાધના

નવકારના જાપ અને નવપદના ધ્યાનથી
ચિત્તની મલિનતા જાય છે અને જે
ચિત્તવિશુદ્ધિ જગાડી આત્મામાં પ્રસન્નતા પેદા કરે છે.
સત્કર્મ કરીને તેના ફળની ઇચ્છા રાખનારી
ગંગાના નિર્મળ નીરમાં સ્નાન કરીને
તે પછી ય ત્યાંથી કાદવ મેળવવાની ઇચ્છા રાખે છે!
ઉપાસનામાં ઉપાસ્યનું સતત આલંબન છે, જ્યારે
સાધનામાં સાધ્યનું પણ વિસ્મરણ છે.
ઉપાસનામાં ઉપાસકની હાજરી જરૂરી છે, જ્યારે
સાધનામાં સાધક સ્વયં ખોવાઈ જાય છે તથા
હાજર છતાં ગેરહાજર બની રહે છે.
સાધના તેની ચરમ સીમાએ પહોંચતાં
સાધકને સ્વયં સિદ્ધ બનાવી દે છે.
ઉપાસના સમયે ઉપાસકના હૃદયમાં
સદા અનુભવ થવો જોઈએ કે:

'હું જ્ઞાની સન્મુખ ઉપસ્થિત થયો છું.' એવો અનુભવ થવાથી જ્ઞાનીથી નિઃસૃત દૈવી સંપદા પોતાના આત્મામાં પ્રવેશ થતી અનુભવાશે. જેમ સૂર્યની સન્મુખ બેસવાથી સૂર્યમાંથી નીકળતાં કિરણો શરીરમાં પ્રવેશ કરે છે, તેમ જ્ઞાની સન્મુખ થવાથી જ્ઞાનીમાંથી નીકળતાં દૈવી સદ્ગુણો જેવા કે : શમ, સંતોષ, ક્ષમા, દયા, સત્ય, સરળતા, ધૈર્ય, શ્રદ્ધા, પ્રેમ, જ્ઞાન, વિવેક અને ભક્તિ – પોતાના આત્મામાં પ્રવેશ થતાં અનુભવાશે તથા જીવાત્મા સજગ અને પુરુષાર્થ પુષ્ટ થતો અનુભવાય છે.

## નવકાર મંત્રમાં રહેલ 'નમો'નું માહાત્મ્ય

'નમો' એ વિનય - જ્ઞાન - ચારિત્ર - તપ તથા વીર્યનું ભાન છે, કેમકે તે પાંચે આચારો વિનયમૂલક છે.

'નમો'પૂર્વકના દેવ તથા ગુરુ પ્રત્યેના અનુરાગથી અંતર્મુહૂર્તમાં દિવ્યતા પ્રકટે છે.

સંત - સાધુઓ પ્રત્યે ભક્તિ અને અનુરાગ તથા દીન - અનાથ પ્રત્યે કરુણા - અનુકંપા, તેનાં સાધન છે.

નવકારના જાપ કરવા પાછળનો એક હેતુ એ છે કે:
મૌન દ્વારા ભીતરની શાંતિ સાથે મૈત્રી સાધવું.

જાપ દ્વારા વ્યક્તિ શારીરિક અસ્તિત્વ અને તેમાંથી પેદા થતી દુન્યવી ગડમથલોને ભૂલી આત્મસ્વરૂપ બની રહે છે. આવ-જા કરતાં વિચારો તરફ આકુળતાભરી ઉદાસીનતા કેળવવી, એ વિચારોને નિર્બળ બનાવવાનો સાચો રસ્તો છે. વિચારોની ડખલગીરી તરફ ધ્યાન ન આપતાં ઈશ્વર સાથેનું અનુસંધાન મક્કમતાપૂર્વક જારી રાખવાથી વિચારો બંધનકર્તા નથી નિવડતાં.

આ નવકાર મહામંત્રના જાપ વ્યક્તિને સ્વસ્થ, સમતોલ, સ્થિર બુદ્ધિવાન અને શાણો માનવી બનાવે છે.

નવકારનો અભ્યાસ સાધકને અર્થપ્રધાન જીવનમાંથી પૂર્ણ ચેતના તરફ લઈ જાય છે.

નમસ્કારમાં આશ્રવના ત્યાગને નમસ્કાર છે. આશ્રવનો ત્યાગ એ પ્રભુની આજ્ઞા છે, જેથી પાંચેયના નમસ્કારમાં સંવરનું બહુમાન અને આશ્રવની ગર્હા છે.

## ॐકારનું ધ્યાન શા માટે કરવું જોઈએ?

आत्मीकेनोपलम्भेन, मुनित्वेन च साधितः ।
रत्नत्रयमयो ध्येयः प्रणवः सर्वसिद्धये ॥१॥
वा ॐ इत्येतदाप्राणशब्दो यः स्यात् तदुद्भवम् ।
शब्दब्रह्मेत्यसौ उक्तः वाचकः परमेष्ठिनः ॥२॥

હૃદયમાં જે પ્રાણાત્મક યા અવ્યક્ત સંચારાત્મક ॐ રૂપી ધ્વનિ થાય છે, તેમાંથી શબ્દબ્રહ્મ માતૃકા ઉદ્ભવે છે, માટે તે ॐકાર પંચ પરમેષ્ઠિઓનો વાચક કહેવાય છે. શબ્દબ્રહ્મ અર્થાત્ નવકાર મંત્રની માતૃકા તે વાચક છે અને પંચ પરમેષ્ઠિઓ તે શબ્દબ્રહ્મના વાચ્ય છે.

## નિત્ય ૧૨૦૦૦ પ્રણવનો જાપ શા માટે?

મંત્રનું અનુષ્ઠાન ક્રિયાપૂર્વક ધ્યાન કરનારનો આત્મા જ્યારે 'પોતે અરિહંત સ્વરૂપ છે' એમ સંવેદન કરે, ત્યારે તે સર્વજ્ઞ બને છે. જે સાધારણ રીતે દરરોજ ૧૨૦૦૦ પ્રમાણે પ્રણવનો જાપ કરે છે, તેને ૧૨ મહિનામાં પરબ્રહ્મ - સૂક્ષ્મ પરાવાક્ યા આત્મસ્વરૂપ સ્પષ્ટ થાય છે.

મંત્ર ઉચ્ચારણના પાંચ દોષ ઉપરાંત મોટો દોષ કયો ?

અક્ષરભ્રાંતિ, ત્રુટક, છિન્ન, હ્રસ્વ અને દીર્ઘ એ વાચાના ૫ દોષ છે, પરન્તુ અભક્તિ એ સૌથી મોટો દોષ છે. નવકાર મંત્ર કેવળ અક્ષરરૂપ નહિ, દેવતાસ્વરૂપ છે. એ જપતી વખતે પરમાનંદનો અનુભવ થવો જોઈએ, એથી ભક્તિનો ઉદય થાય છે. અધમ સત્કર્મ કરતો જ નથી, મધ્યમ મધ્યમાં છોડી દે છે અને ઉત્તમ વિઘ્નોના આવવા છતાં સત્કર્મને જરૂર સફળતાએ પહોંચાડે છે. નવકાર મંત્રના અખંડ જપ માટે ઉત્સાહ રાખવો.

## કાર્યસિદ્ધિ માટે જરૂરી ઈશ્વરીકૃપા

સાકાર સાથે અભેદ થયાં વિના નિરાકાર પદપ્રાપ્તિનો અધિકાર મળતો નથી. જપ કરનારને કેવળ કલ્પનામય સૃષ્ટિમાં જ નહિ પણ હકીકતે સાક્ષાત્કારનો અનુભવ કરવાનો હોય છે. સાક્ષાત્કાર જાગ્રત અવસ્થામાં થાય છે. નવકારના જાપની કાર્યસિદ્ધિ કેવળ મનુષ્યયત્નથી જ થતી નથી, ઈશ્વરીકૃપાનો આધાર પણ આવશ્યક છે.

કોઈપણ મંત્રના નામજપમાં 3 મોટા અપરાધ કયા ?

પરસ્ત્રી - પરધન - પરનિંદા. બાકી ૧૦ નાના અપરાધ છે:

(૧) સાધુનિંદા (૨) અનેક નામોમાં ભેદબુદ્ધિ (3) શાસ્ત્રનિંદા

(૪) ગુરુજનની અવજ્ઞા (૫) મહાત્મ્યને અર્થવાદ ગણવા

(૬) નામના જોરે પાપાચરણ કરવા

(૭) બાકી કર્મ કરતાં નામજપને ઓછું મહત્વ આપવું

(૮) જેને ભાવ કે શ્રદ્ધા - રૂચિ ન હોય,

તેને ય લાગ જોઈને ઉપદેશ કરવો (૯) અશ્રદ્ધા કરવી

(૧૦) અહંકાર - મમકારમાં લીન રહેવું. જપમાં કઠોર - અસત્ય ભાષણ, અભક્ષ્ય ભક્ષણાદિ પણ ત્યાજ્ય છે.

ગૃહસ્થો આરંભાદિ પાપની ક્રિયાઓ કરનારા હોય છે, તેમને ભાવપૂજા ભેગી મનઃશુદ્ધિને પ્રાપ્ત કરવામાં દ્રવ્યપૂજા પણ બહુ સહાયક બને છે.

પ્રતિકૂળતા સંસારનો સ્વભાવ છે. તેવી પરિસ્થિતિમાં સમાધિમગ્ન રહી આત્મસ્વરૂપમાં લીન રહેવું શ્રેયસ્કર છે, નવકારની દ્રવ્ય - ભાવપૂજા દ્વારા તે સુશક્ય બને છે.

શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા
ધ્યાનજપના પ્રભાવે જપ કરનારને સૂક્ષ્મ લાભ છે.

અનન્ય જપ કરનારને દ્વૈતભાવ ચાલ્યો જાય છે અને સદા અનુભવ થાય છે કે: પોતે જ એ મંત્રનો દેવ છે.

નવકારના કયા પ્રકારના જાપમાં શું થાય છે?

(૧) નવકારના વાચિક જાપમાં જ્ઞાનતંતુનો કંપ શરૂ થાય તથા હૃદયાકાશના વાયુમાં કંપાકારનું નિર્માણ થાય છે.

(૨) ઉપાંશુ જાપમાં માત્ર હોઠ તથા જીભ હાલે છે, તેથી જ્ઞાનતંતુના કંપને નિયમિત આકાર મળે છે, જે આંખમાં પહોંચે છે અને દેવતા ત્યાં જાગ ઉત્પન્ન કરે છે.

(3) નવકારના માનસ જાપમાં મંત્રદેવતાનો દેહાકાર એ સ્થૂલ રીતે તેજાકાર ધારણ કરે છે. એ તેજાકાર મૂર્તિને ચૈતન્યશક્તિથી ભરી દેવા માટે ધ્યાનજપની જરૂર છે.

ઈશ્વરીયકૃપાને પ્રાપ્ત કરવાનું સર્વમાન્ય સાધન જપ છે.

જપમાં બહુ સર્વસુલભ જપ છે:

ભગવાનના નામનો જપ = વિનયરૂપ અભ્યંતર તપ.

નવકાર જેવા પ્રભુનું નામ એ નિર્બળનું બળ છે,
અસહાયનો સહાય છે તથા અશરણાનું શરણ છે.
રોવું અને હસવું એ હૃદયના ધર્મ છે, તેમ
નામ પણ મન-વચન-કાયાની એકતા વડે લેવું જોઈએ.
નવકારના જાપથી થતી સમાધિને 'મહાસમાધિ' કહે છે.
મનુષ્ય અરિહંતનું ચિન્તન - અવર્ણનીયનું વર્ણન કરે છે,
અગોચરને જાણવા ઈચ્છે છે પણ સત્તત્ત્વ બુદ્ધિથી પર છે.
ઈશ્વર સર્વશક્તિમાન છે, જેનું નામ હૃદયમાં લેતાં જ
બધાં દુઃખોનો નાશ થઈ જાય છે. વિકારી વિચારોથી
બચવા કોઈ અમોઘ સાધન હોય, તો તે ભગવન્નામ છે.
તે કેવળ અંદરથી - હૃદયમાંથી નીકળવું જોઈએ.
જીભ અને હૃદયને એકરસ કરીને નામ લેવું જોઈએ.
સૌના દિલમાં જે રમે છે, તે નવકાર રૂપ રામ સનાતન,
અજન્મા અને અદ્વિતીય - નિરંજન અને નિરાકાર છે.
તે રામ રાક્ષસી વૃત્તિઓ રૂપી રાવણનો
દૈવી વૃત્તિઓ રૂપી શસ્ત્રો વડે સંહાર કરવાવાળો છે.

મહાત્માનો બોધ સમજાવે છે કે : એક આત્મજ્ઞાન જ
સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે.
વિચાર વિના આત્મજ્ઞાન થાય નહિ અને અસત્ સંગ
તથા અસત્ પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી.

આરંભ અને પરિગ્રહનું અલ્પત્વ કરવાથી
અસત્પ્રસંગનું બળ ઘટે છે, વળી આત્મવિચારને અવકાશ
પ્રાપ્ત થાય છે. આત્મવિચારથી આત્મભાન + આત્મજ્ઞાન
નિર્ણય, જેને કહીએ નિજ સ્વભાવ સ્વરૂપ સર્વ ક્લેશ
અને દુઃખનો અંત જેમાં છે, તે મોક્ષ પ્રગટ થાય છે.

ઇચ્છાઓની સ્વલ્પતાનું બીજ ઉદાસીનતા અને
ઉદાસીનતાનો અર્થ છે : સર્વ ઇચ્છાઓનો પરિત્યાગ.

નમસ્કારથી સહજ આત્મયોગ પ્રગટે.

વિચારની નિર્મળતાએ જો આ જીવ અન્ય પરિચયથી
પાછો વળે, તો સહજ હમણાં જ તેને આત્મયોગ પ્રગટે.

ગુરૂ = Law of gravitation.
નમસ્કાર = field of gravitation.

શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા
એ વિચાર મોહનો ક્ષય કરે છે કે:

'જે સુખ આપણે ઇચ્છીએ છીએ, તે સર્વને મળો તથા
જે દુઃખ આપણને અનિષ્ટ છે, તે કોઈને ન મળો.'
રાગ - દ્વેષ - મોહનો ક્ષય થવાથી મોક્ષ મળે છે.
સુખ વસ્તુમાં નહિ પણ મનની વૃત્તિમાં છે.
સુખ જગતમાં નહિ પણ હૃદયમાં છે, સુખ બાહ્ય
પરિસ્થિતિમાં નહિ પણ તે વિષેના આપણા અભિપ્રાયમાં છે.
વિચારપદ્ધતિ સાચી હોય, તો સુખ અનુભવાય છે
અને જો તે ખોટી હોય, તો દુઃખ અનુભવાય છે.
'રૂપિયા ૨૫ ખોવાયાં' તે વિચાર દુઃખ કરે છે અને
'રૂપિયા ૫૦ જડ્યાં' એ વિચાર સુખ કરે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ૬૮ માત્રા સમજાવે છે કે:

દુઃખમાં દુઃખનું મૂળ પાપ - તેની ગર્હા કરવી.
દુઃખમાં સુખનું મૂળ પુણ્ય - તેની અનુમોદના કરવી.
સુખ તેથી રાગ - દ્વેષની વૃત્તિઓ ક્ષય પામે છે.

વળી મહામંત્રના સતત જાપથી સમજાય છે કે:
વિરાટ વિશ્વની ભવ્ય યોજનામાં એક નાનકડું મણકું થઈ જવામાં અને તેમાં પોતાના પૂરતો જ પાઠ સહૃદયતાથી ભજવવામાં સાચી નમ્રતા અને સમર્પણભાવ પોષાય છે અને તે જ સુખનું કારણ બને છે.

પ્રત્યેક પરિસ્થિતિ, પદાર્થ અને પાત્ર - આપણે જે પાઠ ભજવવાનો છે, તેમાં ઉપયોગી - કલ્યાણકારી - સહાયક છે.

આવી મંગલ શ્રદ્ધા જેનામાં પ્રગટી છે, તેને કદાપિ દુઃખ સતાવતું નથી, ભય રહેતો નથી, દારિદ્ર્ય વળગતું નથી, તેને ઘેર કલ્પતરૂ છે, તેના વાડામાં કામધેનુ છે અને તેના મસ્તકના મુકુટમાં ચિંતામણિરત્ન ઝળકી રહેલ છે.

'આ નિસર્ગની રચનામાં જે કાંઈ છે, તે બધું જ સહાયક - આપણને ઉપયોગી બનતું - કલ્યાણકારી છે.' આ વાતની દૃઢ પ્રતીતિ કોઈ સર્જનાત્મક બળમાં ફેરવાઈ જશે.

ખોટી વિચારણાઓમાંથી સાચી વિચારણામાં જવું, તે જ શ્રી નવકાર મંત્રના જાપ ફળ્યાંની નિશાની છે.

આપણી જાતમાં ઊંડા ઉતરીને જોવું કે:
જે કાંઈ મેળવવા જેવું છે, તે સઘળું આપણી અંદર છે.
તે મેળવવાનો ઉપાય પણ આપણી અંદર જ છે.
નવકાર મંત્રના સાધકને આ વાતની ખબર હોય છે.
'વિનય મૂલો ધમ્મો' - ધર્મનું મૂળ વિનય છે. નમસ્કાર
એ વિનયનો જ એક પ્રકાર છે. ગુણાનુરાગ એ ધર્મ-
દ્વાર છે અને નમસ્કાર ગુણાનુરાગની ક્રિયા છે. શ્રદ્ધા
એ ધર્મમહેલનો પાયો છે. નમસ્કાર એ શ્રદ્ધા અને
રૂચિનું બીજું નામ છે. મૂલગુણો અને ઉત્તરગુણો એ
રત્નો છે, નમસ્કાર તેનું મહાનિધાન છે. ચતુર્વિધ સંઘ
અને માર્ગાનુસારી જીવો એ ધર્મરૂપી જગત છે, તેમનો
આધાર નમસ્કાર ભાવ છે. સમતા ભાવ, વૈરાગ્ય ભાવ,
અને ઉપશમ ભાવ એ ધર્મનો રસ છે.
એ રસાસ્વાદ માટેનું ભાજન પાત્ર કે આધાર નમસ્કાર છે.
નમસ્કાર ભાવ એ જ ધર્મનું મૂળ, દ્વાર,
પીઠ, નિધાન, આધાર અને ભાજન છે.

## સુખ-દુઃખને નિવારનાર મંત્ર

શ્રી નવકાર મંત્ર એ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ નાદત છે.
જેમ અગ્નિમાં ઉષ્ણતા, જળમાં શીતતા, દીપમાં પ્રકાશકતા, તેમ શબ્દમાં જે શક્તિ છે, તે તેના અર્થમાં રહેલી છે.
અર્થમાં જે શક્તિ હોય, તે શબ્દમાં ઉતરે છે.
કામબાણથી મદન-વશીકરણ, માયાબાણથી ઐશ્વર્યપ્રાપ્તિ તથા વાગબાણથી વાક્સિદ્ધિ મળે છે.

**નમસ્કાર મંત્રના જાપ વડે ભવદુઃખ ટાળવાના ઉપાયો:**

(૧) કર્મને આધીન બાબત બનાવ લેતાં શીખો.
(૨) જીવનની અનેકવિધ આરાધનાઓમાં સદ્ગુરુ અને સદ્વિચારને વિકસાવવાની સર્વ ક્રિયાઓને મુખ્ય માનો.
(૩) કર્મે દીધેલાં દુઃખ એ દુઃખ નથી, પરંતુ એનાં ઉદય થતાં કષાયો, સંકલ્પ-વિકલ્પો, દુર્ધ્યાન વગેરે સર્વે મહાદુઃખ છે, એમ માનો.
આ ત્રણ વાત લક્ષમાં રહે, તો ભવદુઃખ મટી જાય અર્થાત્ શુદ્ધ વિચાર, વાણી અને વર્તન આવી જાય.

શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ તથા
નિષ્કપટ ભજન વડે આત્મામાં પરમાત્માના અને
ભક્તમાં ભગવાનના ગુણ આવવા લાગે છે.

ઈશ્વર કોઈ કલ્પિત વસ્તુ નથી,
મહાપુરુષોએ તેની સત્તાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે.

કોઈના પણ ભલામાં નિમિત્ત બનવા માટે
જે હરહંમેશ તત્પર રહેતા હોય, તેનું નામ મહાપુરુષ.

પ્રભુ સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને આનંદઘન છે. તેનું
શરણું લઈ ભજન કરનારો તે સ્વરૂપ બની જાય છે.
જેમ અગ્નિના સંયોગથી કાષ્ઠ અગ્નિ બની જાય છે, તેમ
પ્રભુસંયોગે ભક્ત ભગવાનસ્વરૂપ બની જાય છે.

નવકાર જાપથી અતિદુર્લભ ૩ વસ્તુ મળે છે:
(૧) મનુષ્યત્વ (૨) મુમુક્ષુતા (૩) મહાપુરુષનો સંશ્રય.

સમય ગમે તેટલો લાગે પણ શાસ્ત્રવિધિને સમજી જે
નિરંતર ઉત્સાહપૂર્વક જાપ કરશે, તો ભગવાનની
ભક્તવત્સલતાનો અવશ્ય પ્રત્યક્ષ અનુભવ કરી શકાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ એ ભક્તિ છે.

ભક્તિના બે પ્રકાર : (૧) મુક્ત્યર્થ (૨) પ્રીત્યર્થ.

એક ભક્તિ મેઘવૃષ્ટિ જેવી, બીજી કૂપખનન જેવી.

એક વાનરી, બીજી માર્જારી.

સ્તુત્ય એટલે નમસ્કાર મંત્રની સ્તુતિ - પ્રશંસા કરવી.

શ્રી તીર્થંકરોની આજ્ઞા મુજબ સંયમમાર્ગમાં શક્તિનો સદુપયોગ કરવો અને દુનિયાના પ્રાણીમાત્રને અભયદાન આપવું, તે વિવેકી માણસનું પરમ કર્તવ્ય છે.

નવકાર મંત્રના પદોમાં ગુરુ-ગુણની ઉપાસના ઉપરાંત શબ્દો દ્વારા શુભ સ્પંદનો ઉત્પન્ન કરવાની જબરદસ્ત શક્તિ છે, તેથી તેને સર્વ મંગલોમાં પહેલું મંગલ અને સર્વ કલ્યાણોમાં ઉત્કૃષ્ટ કલ્યાણ કહ્યું છે.

ચારે નિક્ષેપા દ્વારા થતી પાંચે પરમેષ્ઠિઓની ભક્તિ નવકાર મંત્રમાં રહેલી હોવાથી સર્વ પ્રકારના શુભ, શિવ અને ભદ્ર તથા પવિત્ર, નિર્મળ અને પ્રશસ્ત ભાવો પેદા કરવાનું સામર્થ્ય તેમાં રહેલું છે.

નવકાર મહામંત્રના જાપ બાદ ઇચ્છા મુજબનું વર્તન
બંધ થઈ જાય છે અને જ્ઞાનીઓની આજ્ઞા મુજબ
જીવન જીવવાનું શરૂ થઈ જાય છે.

પ્રભુની આજ્ઞા જીવોને અભય આપવાની છે તથા જીવોને અભય આપવાથી પ્રભુઆજ્ઞા પળાય છે, એમ પરસ્પર ઉપગ્રહકારક બની આજ્ઞા + અહિંસા મોક્ષ આપે છે. આજ્ઞા વડે પ્રભુનું ધ્યાન - અહિંસા વડે જીવમૈત્રી. એમ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાં પરિણામ કેળવવાથી ચિત્તની શુદ્ધિ અને તે મુજબ જીવન જીવવાથી કાયાની વિશુદ્ધિ સધાય છે.

નવકાર દ્વારા પાપત્યાગની પ્રતિજ્ઞા અને તેના નિર્વહન માટે રાત્રિભોજનના સર્વથા, ત્યાગ સાથે ૫ મહાવ્રતોનું પાલન કરવું અનિવાર્ય બને છે. તે માટે નામ, ઘર, ગામ, દેશ, નગર, વેષ, સગાવહાલાં, માતા - પિતા સર્વેનો ત્યાગ કરી વેષ અને નામનું પરિવર્તન અનિવાર્ય છે. આવું જીવન જીવવામાં જ મનુષ્યભવની સાર્થકતા છે.

નવકાર ઉપરની શ્રદ્ધા એ દિવ્ય કર્મોનું વાહન છે.

શ્રદ્ધાથી સંકલ્પનું બળ વધે છે, દેવતા પ્રસન્ન થાય છે.
જેમ શરીરનું વાહન રક્ત - શબ્દનું વાહન આકાશ,
તેમ સર્વ દેવતાનું વાહન શ્રદ્ધા છે. તીવ્ર શ્રદ્ધાથી કરેલ
મંત્રજાપ સત્સંકલ્પવાળા હોવાથી નિયમા ફળે છે.
સંકલ્પાત્મક સૂક્ષ્મ શરીરને ધક્કો મારવા માટે
શ્રદ્ધા એ વાહન છે અને શ્રદ્ધાનું વાહન વિધિ છે.

નવકાર એટલે આત્માનું ભાવસ્વાસ્થ્ય.

શ્રી નમસ્કાર મંત્ર સર્વ સાધકોને
પુષ્ટ આલંબનરૂપ થઈને સાધનાની સિદ્ધિ કરાવે છે.
દેહનું દ્રવ્યસ્વાસ્થ્ય અને આત્માનું ભાવસ્વાસ્થ્ય
પંચમંગલમહાશ્રુતસ્કંધરૂપ હોવાથી સમ્યગ્જ્ઞાન સ્વરૂપ છે.
પંચ પરમેષ્ઠિની સ્તુતિરૂપ હોવાથી સમ્યગ્ દર્શન
સ્વરૂપ છે તથા સામાયિકની ક્રિયાના અંગરૂપ અને
મન, વચન, કાયાની પ્રશસ્ત ક્રિયારૂપ હોવાથી
કથંચિત્ ચારિત્ર સ્વરૂપ પણ છે.

શ્રી નમસ્કાર મંત્રનો જાપ અને તેના અર્થનું ધ્યાન,
એ પણ સ્મરણરૂપ ભક્તિ જ છે.

નવકાર મંત્રની સેવા એ સાક્ષાત્ ભગવત્સેવા છે.

આ મહામંત્ર ઉપર જેની જેવી શ્રદ્ધા, તેવું ફળ.

શ્રદ્ધાયુક્ત દૃષ્ટિમાં પ્રભુ સ્થિર રખાવે છે.

શ્રદ્ધા એ અનુભવ અને પરોક્ષજ્ઞાન વચ્ચેનો પુલ છે.

શ્રદ્ધા વડે પરોક્ષને અપરોક્ષ કરી શકાય છે. અશુદ્ધ કે અવિધિયુક્ત પણ શ્રદ્ધાપૂર્વકનું કર્મ અવશ્ય ફળે છે.

પ્રભુના દર્શન અમોઘ છે - નવકાર જાપ અમોઘ છે.

નવકારના શ્રવણાદિ સામાન્ય મટીને વિશિષ્ટ બને છે,
તેનું જ બીજું નામ 'પુરુષ' છે.

શ્રવણાદિ કીર્તન, નામસ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન - સર્વનું ગ્રહણ ધર્મ છે.

મંત્રથી મળનાર મુક્તિની પાંચ પ્રકારની ભૂમિકાઓ:
સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય અને કૈવલ્ય.

આ બધી ભૂમિકાઓમાં મન કેન્દ્રિત પર ભાર છે.

નવકારના અનુષ્ઠાનની સફળતામાં મુખ્ય ચાર હેતુ:
વિધિ, વિશ્વાસ, ઇચ્છા અને પ્રયત્ન.

વિધિ અને વિશ્વાસ વડે શ્રદ્ધા કેળવાય છે.
શ્રદ્ધા વડે પ્રભુનું સાંનિધ્ય અનુભવાય છે. પ્રભુનું
નામ - રૂપ પ્રભુના વિરહમાં પ્રભુતુલ્ય કાર્ય કરે છે.
નામથી ૪ કષાય - રૂપથી ૫ વિષયોનું વિસર્જન થાય છે.
નવકાર દ્વારા ભગવાનનું નામસ્મરણ તથા ગુણાનુવાદ
અર્થાત્ તપ, સ્વાધ્યાય, દાન, પૂજન અને સાચું ધન છે.
જે ફળ દાન - પૂજન કે ધ્યાનથી મળે છે, તે ફળ માત્ર
નામસંકીર્તનથી મળે છે. શ્રદ્ધા અને ભક્તિ ન હોય,
તો પણ નામકીર્તનથી તે પાપનાશ થવા વડે વધે છે.
નવકાર વડે નામસ્મરણમાં ચિત્તવૃત્તિને પરોવવા દેવાથી
ભગવાન પ્રસન્ન થઈને મોક્ષ આપે છે.
૪૫ આગમો, ૪ વેદ, ૬ દર્શન, ૧૦૮ ઉપનિષદો અને
૧૮ પુરાણોમાં પણ પરબ્રહ્મ પરમાત્માનો મહિમા અને
તેના જ ગુણાનુવાદ ગાવામાં આવ્યાં છે.

## શ્રી નવકાર મહામંત્રનું શ્રવણ શા માટે જરૂરી ?

શ્રવણમાં શબ્દો દ્વારા વક્તાનો જીવંત ચૈતન્યપ્રવાહ શ્રોતા તરફ વહેતો રહેય છે. શ્રવણની ક્રિયામાં મનનમય જીવંત સંબંધ, હૃદયથી હૃદયનો સંબંધ નિર્માણ થાય છે.

દીપક અને તેના જ્યોતિના પ્રકાશની જેમ નવકારના શબ્દ તથા અર્થનો પણ નિત્ય સંબંધ છે.

## જપની સાથે અર્થભાવન

અર્થભાવન એટલે ગુણધર્મોનો વિચાર.

નવકારના જપ અને ધ્યાનથી અંતર્મુખ થતાં, સર્વ વિઘ્નોનો વિનાશ અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

ઈંદ્રિયો દ્વારા મનુષ્યોની ચૈતન્યશક્તિનો પ્રવાહ જે બહિર્મુખ થાય છે, તે જપ દ્વારા અંતર્મુખ થઈને આત્મદર્શન કરાવે છે, એને 'પ્રત્યક્ ચેતના' કહે છે.

શાસ્ત્રકારોનો અભિપ્રાય અને સાધુ - સંતોનો અનુભવ, બન્ને એકસરખાં જ રહેય છે.

સમસ્ત યત્નોમાં નવકારનો જપયત્ન અતિ ઉત્તમ છે.

યજ = to worship & Sacrifice.

જપ = ઉચ્ચારણે । તે જોડાયેલું અર્થમાં છે.

જેનાથી અધિક પ્રાપ્ત કરવા જેવી કોઈ બીજી શ્રેષ્ઠ વસ્તુ છે જ નહિ અને જેની પ્રાપ્તિથી મનુષ્ય સર્વ પ્રકારનાં દુઃખ અને ક્લેશથી સદાને માટે મુક્ત થઈ આનંદસ્વરૂપ બને છે, તે છે પરમાત્માનો સાક્ષાત્કાર.

તે સાક્ષાત્કાર નવકારના જાપથી શક્ય બને છે. વગર ગાયત્રીના નવકાર જાપ પ્રાયઃ અફળ જઈ શકે છે.

## પ્રભુના નામસ્મરણમાર્ગનો મહિમા

ઈશ્વરપ્રાપ્તિના સર્વ માર્ગોમાં નામસ્મરણમાર્ગ અત્યંત સરલ - અચૂક છે. તેમાં સાધન - સિદ્ધિ છૂપાયેલાં છે. સ્થિર બુદ્ધિરૂપી સમાધિ, દયા - ક્ષમાદિ દૈવીસંપત્, યમ - નિયમ - શમ - દમ - સંતોષાદિ ગુણો અને અંતે અજ્ઞાનનું નિરસન કરનાર જ્ઞાન - વિજ્ઞાન ! નામસાધનામાં બધાં જ સાધન સમાવેશ પામેલાં છે. જીવને નવજીવન બક્ષનાર ભાવજીવન પ્રભુ શ્રી નમસ્કાર મહામંત્રમાં અનંત છે.

## નવકાર ગણવા પહેલાં શું કરવું જોઈએ?

નવકાર મંત્રના જાપનો પ્રારંભ 'અર્હન્નો ભગવન્ત'ની સ્તુતિ કર્યા બાદ કરવો જોઈએ.

**નમસ્કાર મહામંત્રની સ્તુતિ નીચેના શ્લોકો વડે કરવી:**

(૧) મંત્રં સંસાર સારં...

(૨) શરીરં સુરૂપં સુરમ્યં શરીરં...

(3) શોભા નરાણાં પ્રિય સત્ય વાણી,

વાણ્યાશ્ચશોભા ગુરુદેવભક્તિઃ ।

ભક્તેશ્ચ શોભા સ્વપરાત્મબોધઃ,

બોધસ્ય શોભા સમતા ચ શાન્તિઃ ॥ વગેરે...

**બાદ પછી નમસ્કાર મહાત્મ્યના શ્લોકો બોલવા જોઈએ:**

(૧) જિનશાસનસ્ય સારો (૨) એસો અણાઇકાલો

(3) પરમેષ્ઠિનમસ્કારઃ સારઃ સકલકાર્યેષુ ।

નવનીતં યથા દધ્નઃ કાવ્યત્વં ચ યથા ધ્વનિઃ ॥ આદિ...

વળી નવકાર ગણવા પહેલાં સર્વ જીવોના અપરાધની ક્ષમાપના તથા કર્મના કટુ વિપાકોનું ચિંતન કરવું જોઈએ.

મોક્ષ ન મળે, ત્યાં સુધી એવી ભાવના કરવી જોઈએ કે:

'ભવોભવ નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થાઓ.'

રોજ નમસ્કાર મહામંત્રની ૫ માળા અવશ્ય ગણવી.

જાપ પૂરો થતાં જાપ અવિધિ તથા આશાતનાનું મિચ્છામિ દુક્કડં દઈને જાપ જો આસનલીન, ક્રિયાલીન અને મંત્રલીન થયો હોય, તેની ક્ષમા માગવી જોઈએ.

નમસ્કાર મહામંત્રમાં નમસ્કાર છે, તેમાં નમવું અર્થાત્ નમ્રતા એ મનોવૃત્તિનો ધર્મ છે.

તે વૃત્તિ આ લોકમાં સર્વથી સૂક્ષ્મ મનાય છે, તેથી જ 'નમો' પદના ધ્યાન દ્વારા અણિમાદિ આઠ સિદ્ધિઓ સહજ પ્રાપ્ત થાય છે.

મનોગતિ અતિસૂક્ષ્મ છે, તેમાં ય નમનવૃત્તિ સૂક્ષ્મતર છે.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ પછી 'સર્વ જીવો દુ:ખમુક્ત, પાપમુક્ત અને કર્મમુક્ત બનો' એવી ભાવના કરી નવકાર મંત્રની પ્રાપ્તિ થઈ તે માટે દેવ - ગુરુ - સંઘ - સાધર્મિકનો ઉપકાર માનવો જોઈએ.

## સર્વશિરોમણી નવકાર મહામંત્ર દ્વારા...

શુદ્ધ આત્મદ્રવ્યની અનુભૂતિ એ મોદકના સ્થાને છે, જેનું જ્ઞાન એ ગોળના સ્થાને છે અને તેની શ્રદ્ધા એ ઘીના સ્થાને છે. શુદ્ધ આત્મદ્રવ્ય એ મુખ્ય છે, એના જ્ઞાન અને શ્રદ્ધાની સાથે ઘણું જેનું ધ્યાન, સ્મરણ, રટણ આદિ લોટના સ્થાને છે.

શુદ્ધ આત્મસ્વરૂપના લાભની ઇચ્છા સિવાયની બાકી સર્વ ઇચ્છાઓનો જેમાં નિરોધ છે, એવા તપ રૂપી અગ્નિમાં આત્મધ્યાન રૂપી લોટના લાડવા બનાવીને, તેને સત્ક્રિયાઓથી કૂટીને, તેમાં શ્રદ્ધારૂપી ઘી અને જ્ઞાનરૂપી ગોળ મેળવીને જે મોદક તૈયાર થાય, તે જ મોક્ષમોદક છે અને તેમાં સંસારનાં સર્વપ્રકારનાં સુખોના આસ્વાદથી અનંતગણો અધિક સુખાસ્વાદ રહેલો છે.

આત્માનું જ્ઞાન - શ્રદ્ધાન તથા શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગ રૂપી પ્રણિધાન એ મોક્ષમોદક પામવાનો સરળ માર્ગ છે. 'નમો અરિહંતાણં' પદના રટણથી તે સિદ્ધ થઈ શકે છે.

# નવકાર અને ૐકાર

અકાર, ઉકાર, મકાર રૂપી ત્રણ પૈડાંની ગાડી છે, તેનું અવલંબન કરી ભક્તિ (સંવેગ) અને વૈરાગ્ય રૂપ (નિર્વેદ) - બે પગ ઉપર ભાર દઈ ઉભા થવાય છે. તેવી રીતે સાધક ૐકાર દ્વારા વૃત્તિનું ઉત્થાન કરી વૃત્તિ વડે આત્માનું ધ્યાન કરવા પ્રયત્ન કરે છે, ત્યારે નવકાર જાપના શબ્દો શાંત થઈ જાય, તો પણ વૃત્તિ થોડી વાર ટકીને પછી શાંત થાય છે.

માટે કહ્યું છે કે : 'એતદાલંબનં શ્રેષ્ઠં ।'

શ્રોત્ર દ્વારા શબ્દનું શ્રવણ થતાં વૃત્તિ ઉત્થાન પામે છે. શબ્દવાચ્ય અર્થની સાથે વૃત્તિનું અનુસંધાન થાય છે.

શરીર એ સમગ્ર બ્રહ્માંડની કાર્યકારિકા એવી કુંડલિની મહાશક્તિની પ્રાપ્તિનું સાધન છે, તેમાં જ શિવ - શક્તિનું ઐક્ય સાધી શકાય.

પિંડ જ શક્તિનું વાહન હોવાથી નવકાર જાપ દ્વારા શક્તિની સાધના - એ મુખ્ય લક્ષ્ય બનવું જોઈએ.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ દ્વારા
શબ્દયોગની સહાયથી અધોમુખી શક્તિ ઉર્ધ્વમુખી બને છે.
તેને 'ઉલ્ટા સાધન' તરીકે ઓળખાવાય છે.

શિવ-શક્તિ અભિન્ન છે. પરમેષ્ઠિની સાથે જોડાયેલ ચિત્ શક્તિ ક્રિયાશીલ બને, ત્યારે વિશ્વ ઉદ્ભવે છે તથા જ્યારે નિષ્ક્રિય રહે, ત્યારે વિશ્વ લય પામે છે. દેહાભિમાનને કારણે જ જીવ દેહમાં રહેલા શિવત્વને પામી શકતો નથી, આથી નવકાર સાધના અનિવાર્ય છે. દેહ હોવા છતાં જ દેહથી અતીત આત્માવસ્થાનું ભાન થાય. આવી દેહાતીત અવસ્થા નાદની સહાયથી પ્રાપ્ત થાય છે, તેને જ 'અમનસ્ક' કે 'ઉન્મની અવસ્થા' કહેવાય છે. પ્રાણવાયુથી શબ્દહીન અનાહત નાદ જે ધ્વનિ કરે છે, તેને 'અજપાજપ' કહેવાય છે.

શરીરમાં તે સ્રોતની જેમ નિરંતર વહે છે, એને નવકાર દ્વારા પ્રકટ કરવામાં આવે છે. ઓંકાર પ્રાપ્ત થતાં જ પરમપદને 'નિર્વાણ' અથવા 'અનામ' કહેવામાં આવે છે.

પાણી જેવું મેઘનું છે, તેમ વાણી જેવા અરિહંતની છે.
શરીરને પાણી વિના, આત્માને વાણી વિના ચાલે નહિ.
પાણી શરીરનું જીવન છે, વાણી આત્માનું જીવન છે.
તે વાણીને નવકાર દ્વારા વંદન થાય છે.
નવકાર = કૃતજ્ઞતા, નવપદ = પરોપકાર.
ગ્રીષ્મનો સૂર્ય જેમ ખારા સમુદ્રમાંથી જલ ખેંચી
મેઘરૂપે મીઠું જલ પૃથ્વી ઉપર વરસાવે છે, તેમ
અસાર સંસારસાગરમાંથી સિદ્ધ પરમાત્મા રૂપી પ્રખર
સૂર્યના ધ્યાનથી અરિહંત પરમાત્મા ધર્મના વચનનો
વરસાદ વરસાવનાર જિનનામ નિકાચિત કરી
તેના વિપાકોદય વખતે દેવનિર્મિત સમવસરણમાં બેસી
અષાઢી મેઘની ગર્જનાની જેમ વાણીનો પુષ્કરાવર્ત મેઘ
વરસાવે છે, તેમાંથી જ બાવન અક્ષરોરૂપી લિપિ અને
તજ્જન્ય શાસ્ત્રસમૂહ મળે છે. નવકારના પ્રથમ બે અક્ષર
'નવ' અક્ષરરૂપી ગણિતમાંથી વિશ્વની ૪ ગતિ, ૫ જાતિ,
ચોરાસી લાખ યોનિનું જ્ઞાન થાય છે, વળી પાપપરિવર્જન,

સુકૃતસેવન, કૃતજ્ઞતાપાલન અને પરોપકાર ગુણનું આસેવન થઈને જીવનું શાશ્વત જીવન અને તેમાં શાતાનંદનું અમૃત સમાન ભોજન પ્રાપ્ત થાય છે તથા દુષ્કૃતગર્હા + સુકૃતાનુમોદનાપૂર્વક સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત એવા પરમેષ્ઠિઓનું ધ્યાન થાય છે.

નવકાર = કૃતજ્ઞતાનો મંત્ર. નવપદ = પરોપકારનું ધ્યાન.

નવકાર અને નવપદ વડે શાશ્વત જીવન મળે છે.

કૃતજ્ઞતા - તીર્થ, સ્વતંત્રતા - તત્ત્વ.

અરિહંત નમસ્કાર કૃતજ્ઞતાભાવ કેળવે છે,
સિદ્ધ નમસ્કાર સ્વતંત્રતાને મેળવી આપે છે.

કૃતજ્ઞતામાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના સમાયેલા છે,
સ્વતંત્રતામાં ચતુઃશરણગમન રહેલું છે.

કૃતજ્ઞતામાં સ્વલઘુતાનો સ્વીકાર છે,
પરકૃત સુકૃતના અનુમોદન રૂપી સુકૃતના આસેવન વડે વિકૃતી આત્માને અખંડ, પ્રશસ્ત અને પવિત્ર એવા ઉજ્જ્વળ ભાવોની સિદ્ધિ અવશ્ય થાય છે.

નમસ્કાર મંત્રના સ્મરણ રૂપી પ્રણિધાન માત્રથી ભવભ્રમણનું નિવારણ થાય છે, તેનું કારણ એ છે કે ભવમાં ભટકાવનાર રાગ, દ્વેષ અને મોહ રૂપી દોષોનો સ્મરણ રૂપી પ્રણિધાન દ્વારા પ્રતિકાર થાય છે.

ચરમ અવસ્થામાં દેવતાને નમસ્કાર પણ કર્મનો સંપૂર્ણ ક્ષય કરે છે, એ પ્રમાણે નમસ્કાર અને આગમ - બંનેનું એક જ કાર્ય છે, કારણકે સૂત્ર (આગમ)ના જ્ઞાન વિના નમસ્કારના તેવા પ્રકારના સામર્થ્યનો અભાવ છે.

શ્રુતજ્ઞાનથી મોક્ષ છે અને દેવતાને નમસ્કાર એ શ્રુતજ્ઞાન નથી.

સૂત્ર અર્થ મંગળ, જેનાથી પૃથક્ પૃથક્ રૂપમાં પાપનો વિનાશ થતો જોવામાં આવે છે.

પઠનમાં આવતાં વિઘ્નોને નિબદ્ધ તથા અનિબદ્ધ મંગળ દૂર કરે છે અને સૂત્ર પ્રતિસમય અસંખ્ય ગુણશ્રેણી રૂપે પાપોનો ક્ષય કરી સંપૂર્ણ કર્મક્ષયનું કારણ બને છે.

શ્રી નમસ્કાર મહામંત્રના અનવરત જાપમાં
શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વકનું સ્મરણ એજ શરણ છે.
શ્રદ્ધા કર્મના નિયમની અને વિશ્વાસ ધર્મના નિયમનો.
તે શ્રદ્ધા દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનમાં પરિણમે છે.
સ્મરણ માટે શ્રવણ જો કર્મના નિયમનું અને
કીર્તન જો ધર્મને ધારણ કરનારાઓનું હોય,
તો વાસ્તવિક સ્મરણનું કારણ બને છે. નામ વંદન,
અર્ચન, પાદસેવન, ધ્યાન, વિચિન્તન, આદર - ભક્તિ -
બહુમાનપૂર્વક આજ્ઞાપાલનાદિ ક્રિયાઓ પણ સ્મરણમાં
હેતુભૂત બને છે અને તે સ્મરણ જ શરણાગમનની
પ્રતિક્રિયાસ્વરૂપ છે. ભાવપૂર્વકનું સ્મરણ એ મોહવિષનો
પ્રતિભાવ - કર્મરોગની ચિકિત્સા - ભવભયનું ત્રાણ છે.
અચિન્ત્ય સામર્થ્યવાન અરિહંતાદિ પરમેષ્ઠિઓ પ્રત્યે
અંતરંગ ભક્તિભાવ પ્રગટાવવામાં મોહ એ વિઘ્ન છે.
પરમાત્મસ્મરણ એ તત્ત્વથી આત્મસ્મરણ જ છે,
જે જીવને નિર્ભય, નિશ્ચિંત અને નિર્વિકલ્પ બનાવે છે.

નવકારના જાપ દ્વારા જિનેશ્વરોનું નામ લો તો...

ચાર અનુયોગોમાં મુખ્ય યોગ દ્રવ્યાનુયોગ છે. નામનો
સંબંધ દ્રવ્ય સાથે - દ્રવ્યનો સંબંધ ગુણપર્યાય સાથે છે.
નામ વડે પ્રભુનું શુદ્ધ આત્મદ્રવ્ય સ્મરણપથમાં આવે છે
અને તે અનંત ગુણ - પર્યાયોનું ભાજન છે.

આ રીતે પ્રભુના દ્રવ્ય - ગુણ - પર્યાયના આદર્શથી
આત્માના દ્રવ્ય - ગુણ - પર્યાયનું ભાન થાય છે, જે જે
ધ્યાનાભ્યાસ દ્વારા આત્મસ્વરૂપમાં એકતા પામે છે અને
આત્મા જ પરમાત્મસ્વરૂપ અનુભવાય છે.

તે વખતે આત્મા - મન - પ્રભુની એકતા સધાય છે
અને જ્ઞાનાનંદમય નિજસ્વરૂપની અનુભૂતિ થાય છે.

શ્રવણ - કીર્તન અને નામસ્મરણ પછી તથા દુષ્કૃતગર્હા,
સુકૃતાનુમોદના અને શરણાગમનરૂપી ત્રણ સાધન વડે
રાગ - દ્વેષ - મોહનો વિલય થઈ
આત્મા પરમાત્મસ્વરૂપને પામે છે.

પરમાત્મસ્મરણ એ આત્મસ્મરણનું પરમ આલંબન છે.

શરણાગમનમાં પ્રતિબંધક મોહ

મોહ - અજ્ઞાન અને વિપર્યાસના કારણે જીવ પોતે ગુણ કે દોષનો વિવેક કરી શકતો નથી અથવા ગુણમાં દોષબુદ્ધિ - દોષમાં ગુણબુદ્ધિને ધારણ કરીને નિર્ગુણનું શરણ શોધે છે અને સર્વ દોષરહિત, સર્વ ગુણસંપન્ન, અચિન્ત્યશક્તિયુક્ત પ્રભુ શરણે જઈ શકતો નથી.

જેઓશ્રી અશરણ એવા આપણને શરણ આપે છે, આત્મસમ બનાવે છે, દુઃખમાત્રનો છેદ અને સુખમાત્રનો ઉત્પાદ કરવાનું અચિન્ત્ય સામર્થ્ય ધરાવે છે, તેમના શરણાગમનમાં પ્રતિબંધક મોહનું સામર્થ્ય છે.

'નાનક દુઃખિયા સબ સંસાર,
સો સુખિયા જો નામ આધાર, સર્વ રોગ કા ઔષધ નામ!

આપણને નિગોદમાંથી સૌ પ્રથમ બહાર કાઢનાર સિદ્ધ ભગવંતનો ઉપકાર તો મોક્ષે જવાથી જ વળી શકે. આપણા મોક્ષે જવાથી એક જીવ નિગોદમાંથી નીકળે, ત્યારે જ સિદ્ધના ઉપકારનો સંપૂર્ણ બદલો વળે.

જગતના અનેક વિસામામાં નમસ્કાર શ્રેષ્ઠ વિસામો

લોભીને ધનપ્રાપ્તિ, કામીને રાગનાં સાધનો, તરસ્યાંને પાણી,
રોગીને આરોગ્ય, ભૂખ્યાંને ભોજન વિસામો લાગે છે.
બોજવાળાને બોજો દૂર થાય, એ વિસામો લાગે છે,
કિન્તુ આ બધા સાચા વિસામા નથી,
તે સર્વ દુઃખના માત્ર કલ્પિત પ્રતિભાવો છે.
ખરેખરો અને છેવટનો વિસામો તો
નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થવા, તે જ છે.
તે જ વિસામો સાચો વિસામો ગણાય કે જેની
પ્રાપ્તિ પછી જીવનમાં વિશ્રાંતિ ઉત્તરોત્તર વધતી જ રહે.
ઇષ્ટ નમસ્કારની પ્રાપ્તિથી જીવનું ભવદારિદ્ર્ય ટળે છે.
પંચ નમસ્કારરૂપી સુશીતલ કમળની શય્યામાં જીવહંસને
લીન બનાવાય, તો જ એને અનુપમ વિશ્રાંતિ મળે છે.
મહાત્મા પુરુષો પણ આત્માની સાચી વિશ્રાંતિ માટે
શ્રી નમસ્કાર મહામંત્રનું જ ધ્યાન ધરે છે. જેમાં મન
લીન બનવાથી અપૂર્વ આનંદ વિશ્રાંતિ અનુભવાય છે.

નમસ્કારમાં છે પ્રીતિ, ભક્તિ, વચન, અસંગ અનુષ્ઠાન.

પંચ પરમેષ્ઠિને અનુસરવાની વૃત્તિ તે વિનય.

વિનય એ ધર્મનું પ્રથમ પગથિયું છે.

સર્વ આપ્તજનોમાં મુખ્ય અરિહંત પરમાત્માના વચનને અનુસરવાની વૃત્તિ એ પ્રથમ વિનય, જે વડે ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ જન્મે તથા ભવના હેતુઓનો ત્યાગ અને મોક્ષના હેતુઓનું સેવન થતાં પ્રીતિભક્તિ જન્મે.

'પ્રીતિ' એટલે સમાન ઉપર સ્નેહ અને

'ભક્તિ' એટલે અધિક ઉપર સ્નેહ.

તે ભક્તિ જ પછી વચનાનુષ્ઠાનરૂપે પરિણામને

અસંગ - અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવે છે.

સુષુમ્ણા દ્વાર ખૂલતાંની સાથે મંત્રનો ભેદ થઈ જાય છે અને નામ પ્રભાવ પોતે નામમય થઈને ખેલ કરે છે.

'પ્રીતિ' એટલે 'હું તમારો છું - તમે મારાં છો' તથા

'ભક્તિ' એટલે 'તું અને હું - બે એક છીએ.'

જ્ઞાની મુક્તિને ચાહે છે, જ્યારે ભક્ત ભક્તિને ચાહે છે.

<u>'ભેરુ' શબ્દ આર્હન્ત્યવાચક છે.</u>

<u>આર્હન્ત્ય એટલે ત્રણે કાળના અરિહંતોનો બોધ કરાવે છે.</u>

આર્હન્ત્ય એ મોક્ષરૂપી વૃક્ષના બીજરૂપ છે.
સર્વ અરિહંતો અંકુર રૂપ છે અને
બાકી બધા પરમેષ્ઠિઓ શાખા - પ્રશાખા સ્થાને છે.
આર્હન્ત્યરૂપી મંત્રરાજનું સ્મરણ કરતાં ભગવાનનું તેજ
પ્રાપ્ત થાય છે. સ્તુતિ કરવા યોગ્ય ગુણોથી પરિપૂર્ણ
ભગવાનનાં સ્તુતિ પછી પણ ભક્તિનાં સ્થાન જ છે.

<u>'ભેરુ' શબ્દ ઉપરથી આવેલા ૭ શબ્દો</u>

'<u>નરભે</u>રૂ' શબ્દ માનવદેહના આત્માનો વાચક છે અને
'<u>સુરિભેરૂ</u>' એ અરિહંતપણાંનો વાચક છે.
'<u>ફરિભેરુ</u>' 'કિરિભેરુ'થી ભવસ્થ અરિહંતોનું ગ્રહણ થાય,
'<u>ગિરિભેરુ</u>' રાજ્યાવસ્થાનો સૂચક છે, '<u>વિરિભેરુ</u>' દીક્ષાની
અવસ્થાનો સૂચક છે (ક્લેશ - કષ્ટ - સંકટોને સહવું તે),
'<u>સિરિભેરુ</u>' એ કૈવલ્યાવસ્થા, '<u>હિરિભેરુ</u>' એ મહામૂલ -
કારક અપ્રતિહત શાસન કરવાની શક્તિનો સૂચક છે.

## શ્રી નવકાર મંત્રનો છંદ

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જયજયકાર...
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.

કંબલ સંબલે કાદવ કાઢ્યાં, શકટ પાંચશે માન,
દીધે નવકારે ગયાં દેવલોકે, વિલસે અમર વિમાન;
એ મંત્ર થકી સંપત્તિ વસુધાતલે, વિલસે જૈન વિહાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૧)

આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત,
નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત;
પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યો સંપત્તિ સાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૨)

પરમેષ્ઠિ સુરપદ તે પણ પામે, જે કૃતકર્મ કઠોર,
પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખો, મણિધરને એક મોર;
સદ્‌ગુરુ સન્મુખ વિધિયે સમરતાં, સફલ જનમ સંસાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(3)

શૂલિકારોપણ તસ્કર કીધો, લોહખુરો પરસિદ્ધ,
તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની ઋદ્ધિ;
શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.(૪)
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જયજયકાર...!
પંચપરમેષ્ઠિ જ્ઞાન જ પંચહ, પંચ દાન ચારિત્ર,
પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત;
પંચ પ્રમાદ વિષય તજો પંચહ, પાળો પંચાચાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.(૫)

## શ્રી નવકાર મંત્રની સ્તુતિ

નિત્ય જપીએ નવકાર, સાર સંપત્તિ સુખદાયક,
સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક;
શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે,
શ્રી ઉવજ્ઝાય - સુસાધુ, પંચપરમેષ્ઠિ થુણીજે;
નવકાર સાર સંસાર છે, કુશલ લાભવાચક કહે,
એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વાંછિત લહે.



નવકાર જીવને ‘અક્ષિકલ્પ’ બનાવે છે. આંખ તણખલાંને સહી શકતી નથી, તેમ નવકારના જાપ પછી જીવ દોષને ખમી શકતો નથી અને એ દોષ ન જાય, ત્યાં સુધી જંપીને બેસી શકતો નથી!




નવકારથી મન શુદ્ધ બને છે. શુદ્ધ મન જેવું પવિત્ર મંદિર નથી. સન્મય, ચિન્મય, આનંદમય પદની પ્રાપ્તિ કરાવનાર આ મંત્ર નિસર્ગના દિવ્ય – અનાહત સંગીતની અભિવ્યક્તિ છે.

www.fiestadesigns.in